# વિશ્વવિહાર

વર્ષ : 27 * અંક : 11 * ઓગસ્ટ 2025 * કિં. ₹ 15






શ્રી ચિંતન ભટ્ટલિખિત ‘પૃથ્વીથી અંતરિક્ષ ભણી’ પુસ્તકનું વિમોચન કરતાં
સર્વશ્રી મનુભાઈ શાહ, કુમારપાળ દેસાઈ, નીલેશ દેસાઈ, ચિંતન ભટ્ટ, સુધા ભટ્ટ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના સંયુક્ત ઉપક્રમે પુસ્તક પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરતા તથા પ્રદર્શન નિહાળતા શ્રી નીલેશ દેસાઈ અને ઉપસ્થિત મહાનુભાવો





‘ચંદ્રયાન-૩ અને આગામી પ્રકલ્પો તથા સંભાવનાઓ’ વિશે શ્રી નીલેશ દેસાઈ



આ ક્યૂ આર કોડ સ્કૅન કરવાથી ‘વિશ્વવિહાર’માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું ‘વિશ્વવિહાર’ દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.

◆


email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org

છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-

લવાજમ : ‘ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ’ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.

વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)



[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# ભારતીય મૂળના વિદેશી નાગરિકોની મૂંઝવણ



પ્રવીણ ક. લહેરી

ભૂતકાળમાં અનેક માનવસમુદાયો વિવિધ કારણોસર પોતાના વતનમાંથી હિજરત કરીને અન્ય પ્રદેશોમાં ગયા હતા. સ્થાનિક જગ્યાએ સર્જાયેલી મુશ્કેલીઓ અથવા વિદેશમાં ઉચ્ચઅભ્યાસ કે રોજગારી માટે જતા ભારતીય મૂળના લોકો સમયાંતરે જે તે દેશનું નાગરિકત્વ પ્રાપ્ત કરી કાયમી ધોરણે ત્યાં વસવાટ કરે છે. પંદરમી સદીના અંત ભાગે ભારત આવનાર વાસ્કો ડી ગામાને દક્ષિણ આફ્રિકાથી આગળનો રસ્તો દર્શાવનાર કચ્છી કાનજી માલમ હતો. આ હકીકત દર્શાવે છે કે ભારતના લોકો વેપાર અર્થે સેંકડો વર્ષથી દરિયો ખેડતા આવ્યા છે. કોઈ વ્યક્તિ ટૂંકા સમય માટે વિદેશ જાય અને ત્યાં કાયમી વસવાટ કરે તેની વચ્ચે ખૂબ મોટું અંતર છે. અંગ્રેજ શાસનકાળ દરમિયાન આફ્રિકા, દક્ષિણ અમેરિકા, વેસ્ટ ઈન્ડીઝ, મોરેશિયસ વગેરે દેશોમાં ભારતીય શ્રમિકોને પરાણે લઈ જવાના કિસ્સાઓ બન્યા. અમુક જ્ઞાતિઓ સાગરયાત્રા કરનાર જ્ઞાતિજનને નાતબહાર મૂકવા લાગ્યા, આમ છતાં અનેક લોકોએ સાગર પાર કરી અન્ય દેશોમાં વસવાટ કરવાનું પસંદ કર્યું એ ઈતિહાસમાં નોંધાયેલી હકીકત છે.

આજે ભારતીય મૂળના ત્રણ કરોડથી વધારે લોકો વિદેશની નાગરિકતા મેળવી વિદેશમાં સ્થાયી થયા છે. અંગ્રેજીમાં તેને ઈન્ડિયન ડાયસ્પોરા અથવા નૉન રેસિડન્ટ ઈન્ડિયન (એન.આર.આઈ.) તરીકે ઓળખવામાં આવે છે. એક અંદાજ મુજબ ૨૧૦ દેશોમાં વસતા ૩.૨૫ કરોડ ભારતીયો વિવિધ સમયે અલગ અલગ કારણોસર ત્યાં સ્થાયી થયા છે. વિશ્વના જે દશ દેશોમાં ભારતીયોની સૌથી વધારે સંખ્યા છે ત્યાંની રાજકીય અને સામાજિક પરિસ્થિતિમાં આવેલાં પરિવર્તનની ચર્ચા કરવાથી આપણને આ ડાયસ્પોરાની સ્થિતિ વિશે જાણકારી મળશે.

૧. યુનાઈટેડ સ્ટેટ ઑફ અમેરિકા (યુ.એસ.એ) :

અંદાજિત ૫૪ લાખની સંખ્યા સાથે ભારતીય મૂળના સૌથી વધુ લોકો યુ. એસ.એ.માં રહે છે. એક દેશમાંથી આવેલા લોકોના જૂથ તરીકે ભારતીય મૂળના લોકો અભ્યાસમાં આગળ છે. ડૉક્ટર, વૈજ્ઞાનિક, ઈજનેર જેવી લાયકાત સાથે તેઓ નોકરી-ધંધામાં પણ સારું પ્રભુત્વ ધરાવે છે. આર્થિક રીતે અન્ય તમામ દેશના લોકો કરતાં ભારતીયો ઊંચી આવક ધરાવે છે. રાજકારણ, સાહિત્ય અને સર્જનાત્મક કલાના ક્ષેત્રે ભારતીય મૂળના લોકોએ નામના પ્રાપ્ત કરી છે. બાવન જેટલી બહુરાષ્ટ્રીય કંપનીના મુખ્ય સંચાલકો તરીકે ભારતીય મૂળના તજ્જ્ઞો છે. ભારતીયો તેની નિષ્ઠા, ધગશ, પરિશ્રમ અને પ્રામાણિકતા માટે માન ધરાવે છે. મોટેલોના વ્યવસાયમાં તો ૪૫ થી ૫૦ ટકા મોટેલોના માલિક ભારતીય છે. અમેરિકાનું આકર્ષણ એટલું પ્રબળ છે કે લોકો વિઝા માટે વર્ષો

સુધી પ્રતીક્ષા કરે છે. જીવનું જોખમ લઈને અને લાખો રૂપિયા ખર્ચી તેઓ ગેરકાયદેસર ઘૂસણખોરી પણ કરે છે. અગાઉ અમેરિકા રંગભેદ અને જાતિવાદ અંગે થોડા અપવાદો વિના ઉદાર હતું. ડોનાલ્ડ ટ્રમ્પની પ્રથમ પ્રમુખપદની ટર્મથી એમના ટેકેદારોમાં રંગભેદ અને જાતિવાદ ઠાંસી ઠાંસીને ભર્યા છે. પરિણામે ભારતીયો પર વંશીય હુમલાનું પ્રમાણ વધ્યું છે. અમેરિકામાં મંદી, ખૂબ મોટી વેપાર ખાધ અને બેરોજગારીના લીધે ત્યાં અભ્યાસ કે રોજગારી માટે જવાનું આકર્ષણ ઘટતું જાય છે. આ વર્ષે અમેરિકા અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૮૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે.

૨. યુનાઈટેડ આરબ અમીરાત (યુ.એ.ઈ.) :

આ સાત રાજ્યોના સમૂહમાં ૩૬ લાખ ભારતીય લોકો છે. જે ત્યાંની વસ્તીનો ત્રીજો ભાગ છે. બાંધકામના શ્રમિકો, વેપારીઓ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, પ્રોફેસર, ડૉક્ટર સહિત અનેક વ્યાવસાયિક ક્ષેત્રમાં તેઓ કામ કરે છે. યુ.એ.ઈ.માં વિઝા સરળતાથી મળે છે, રોજગારી પણ ઝડપથી મળે છે. વિવિધ વિદેશી યુનિવર્સિટીનાં શૈક્ષણિક સંકુલો અને સ્માર્ટ સિટીના કારણે ડિજિટલ ક્ષેત્રે પણ રોજગારી ઉપલબ્ધ છે. સલામતી, કાયદો વ્યવસ્થા પણ સારી અને ભારતથી પ્રમાણમાં નજીક હોવાથી અનેક ભારતીયો માટે યુ.એ.ઈ. સારી કમાણી કરવા માટે આકર્ષણ ધરાવે છે. યુ.એ.ઈ. જેટલું વિઝામાં ઉદાર છે તેના કરતાં વિપરીત યુ.એ.ઈ.ની નાગરિકતા મેળવવી ખૂબ મુશ્કેલ છે. વિશ્વ માટે

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ભારતીય મૂળના વિદેશી નાગરિકોની મૂંઝવણ | ૩ | પ્રવીણ ક. લહેરી |
| નિસાર સેટેલાઇટ : એક નવા યુગનો પ્રારંભ | ૮ | ચિંતન ભટ્ટ |
| આઝાદીનો ભૂલાયેલો અવાજ | ૧૧ | કુમારપાળ દેસાઈ |
| અનિર્ણાયકતા : બુદ્ધિશાળી મનુષ્યનું લક્ષણ | ૧૬ | રતિલાલ બોરીસાગર |
| સ્પેનનું લા મુરલ્લા રોજા | ૧૮ | હેમંત વાળા |
| અંધકારમાં પ્રકાશ ફેલાવતી મીણબત્તી | ૨૧ | પ્રીતિ શાહ |
| બહુઆયામી સંશોધક | ૨૩ | પ્રવીણચંદ્ર પરીખ |
| ‘પાતાળ ભુવનેશ્વર’ ગુફા મંદિર | ૨૬ | સુધા ભટ્ટ |
| સ્માર્ટગ્લાસનો જમાનો આવી રહ્યો છે ! | ૨૯ | હર્ષ મેસવાણિયા |
| વક્તૃત્વ સજ્જતા અભિયાન | ૩૨ | દર્શા કિકાણી |
| વિશ્વકોશવૃત્ત | ૩૪ | – |

રોકાણ, પર્યટન, અભ્યાસ અને રોજગારી માટે ઊભરી આવેલું યુ.એ.ઈ.માં ભારતીયો તેમનાં પુરુષાર્થ અને પ્રામાણિકતા માટે જાણીતા છે.

૩. મલેશિયા :

દૂર પૂર્વના આર્થિક રીતે હરણફાળ ભરી ‘પાંચ એશિયન ટાઈગર’ જૂથમાં મલેશિયાનું આગવું સ્થાન છે. ૨૯ લાખ ભારતીય મૂળના લોકો સાથે ત્રીજા ક્રમાંકે આવેલા મલેશિયાનો ભારત સાથેનો વ્યાપાર ખૂબ નોંધપાત્ર છે. મલેશિયાની સરકાર ભારત સાથે વ્યાપક વ્યાપારી સંબંધો હોવા છતાં વિદેશનીતિમાં પાકિસ્તાન તરફી છે. ભારતીય મૂળના લોકો પર થોડો અણગમો જરૂર છે, પરંતુ તેના કારણે ત્યાંની શાંતિ ડહોળાતી નથી. ભારતીયો માટે મલેશિયા પ્રવાસન અંગે પણ માનીતું છે. એનું અર્થતંત્ર ગતિશીલ છે. માથાદીઠ આવકનું પ્રમાણ ઊંચું છે. ભારતીય મૂળના લોકોએ જહેમતથી આર્થિક સમૃદ્ધિ પ્રાપ્ત કરી છે. મલેશિયામાં અભ્યાસ માટે ભારતથી વિદ્યાર્થીઓ જતા નથી.

૪. કૅનેડાઃ

૨૮ લાખની ભારતીય મૂળના લોકોની વસ્તી સાથે ડાયસ્પોરાની યાદીમાં ચોથું સ્થાન ધરાવતું કૅનેડા ત્રણેક વર્ષ પહેલાં અભ્યાસ, રોજગારી, કાયમી વસવાટ અને નાગરિકતા માટે યુવાન-યુવતીઓની પ્રથમ પસંદગી હતું. કોરોનાકાળ બાદની મંદી, ખાલિસ્તાનીઓ દ્વારા આચરવામાં આવતી હિંસા અને કૅનેડાની સરકારનું ભારત વિરોધી વલણ જોતાં કૅનેડાનું આકર્ષણ ઘટી રહ્યું છે. અતિશય ઠંડી, નીરસ વાતાવરણ અને મોંઘવારીના કારણે વડીલો આ દેશમાં જવામાં સંકોચ અનુભવે છે. અગાઉ ભણતાં ભણતાં કમાણી કરવાની તકો હતી, પણ હવે તેમાં નોંધપાત્ર ઘટાડા ઉપરાંત અભ્યાસ બાદ ઉપલબ્ધ રોજગારી ખૂબ સીમિત થતાં કૅનેડાનું વાતાવરણ ક્ષુબ્ધ બન્યું છે.

૫. સાઉદી અરેબિયા :

વર્ષ ૨૦૨૩-૨૪માં બે લાખ ભારતીયો રોજગારી માટે સાઉદી અરેબિયા જતાં હાલ ભારતીય મૂળના ૨૫ લાખ લોકો આ દેશમાં નિવાસ કરે છે. અગાઉનાં ધાર્મિક નિયંત્રણો, મહિલાઓ માટેની પાબંદીઓ વગેરે ઘટતાં આજે સાઉદી અરેબિયાનાં અનેક શહેરો દુબઈની જેમ સર્વાંગી રીતે વિકસી રહ્યાં છે. ભારતના લોકો માટે આ દેશમાં દુશ્મનાવટનો ભાવ નથી, પણ તેની નાગરિકતા મેળવવી અશક્ય છે. સાઉદી અરેબિયા અત્યંત ધનવાન દેશ છે અને હાલમાં ત્યાં વિકાસલક્ષી અનેક પ્રોજેક્ટો શરૂ થયા છે. આગામી પાંચથી દશ વર્ષ સાઉદી અરેબિયા ભારતીયો માટે અત્યંત આકર્ષક તકો પૂરી પાડશે તેમાં શંકા નથી.

૬. મ્યાનમાર (બર્મા) :

ભારતના આ પાડોશી દેશમાં ૨૦ લાખ ભારતીય મૂળના લોકો વસે છે. અગાઉ બર્માનો વહીવટ ભારતમાંથી થતો હતો ત્યારે અનેક લોકો સાગનું લાકડું, ચોખા જેવી વસ્તુઓના વેપારમાં રોકાયેલા હતા. છેલ્લાં ૪૦ વર્ષથી મ્યાનમારમાં લશ્કરી

સરમુખત્યારી ચાલતી હોવાથી ભારતીયો માટે મુશ્કેલીઓ વધી છે. ચીન દ્વારા મ્યાનમારમાં ભારતીય હિતોને નુકસાન કરવા કાર્યવાહી થતી રહે છે. અમુક આતંકીઓએ પણ મ્યાનમારમાં છાવણી નાખી છે. ભારત માટે મ્યાનમાર સાથેના ઐતિહાસિક સંબંધો બાદ પણ ભારતીય મૂળના લોકો માટે અત્યારે કસોટીનો સમય ચાલી રહ્યો છે.

૭. યુનાઈટેડ કિંગડમ (યુ.કે.) :

ભારતીય મૂળના ૧૯ લાખ લોકો યુ.કે.માં વસે છે. અભ્યાસ, રોજગારી અને નિવૃત્તિ માટે પણ અનેક ભારતીયો ત્યાં રહેવાનું પસંદ કરે છે. લંડનના લેસ્ટર, બર્મિંગહામ જેવાં શહેરોમાં ભારતીય મૂળના લોકોની હાજરી ચોતરફ નજરે પડે છે. એક જમાનામાં યુ.કે.ને ભારતીયો શાંત અને સમૃદ્ધ દેશ તરીકે ઓળખતા હતા. આજે મુસ્લિમ જૂથો દ્વારા યુ.કે.ની શાંતિ હણાય છે. ઈસ્લામિક કટ્ટરવાદનો પ્રભાવ યુ.કે.માં ખૂબ વધતાં ચિંતાનો માહોલ સર્જાયો છે. યુ. કે.ના અર્થતંત્રનાં તમામ ક્ષેત્રે ભારતીય મૂળના લોકોનું પ્રદાન છે. યુ.કે.નો સૌથી ધનિક 'હિંદુજા' પરિવાર ભારતીય મૂળનો છે. ભવિષ્યે ધર્માંધતાના મુદ્દે યુ.કે.માં જે અશાંતિ ફેલાવાનો ભય છે તે વાસ્તવિક છે.

૮. દક્ષિણ આફ્રિકા :

દક્ષિણ આફ્રિકામાં બ્રિટિશ શાસન દરમિયાન લઈ જવાયેલા 'ગિરમિટિયા' મજૂરો, વેપાર માટે ગયેલા લોકો, અન્ય ક્ષેત્રમાં કામ કરતા લોકો સાથે ૧૭ લાખ ભારતીય મૂળના લોકોનો દક્ષિણ આફ્રિકામાં લાંબો અને ભાતીગળ ઈતિહાસ છે. મહાત્મા ગાંધીની વકીલાત અને રંગભેદ સામેના સત્યાગ્રહ સાથે બે દેશો વચ્ચે આત્મીયતા રહી છે. જોકે ત્યાંની શાસનપ્રણાલીની ઊણપોના કારણે અર્થતંત્રમાં મંદી છે. શિસ્ત અને જવાબદારીના અભાવના કારણે કાયદો-વ્યવસ્થા જળવાતાં નથી. અસલામતીની લાગણી સામાન્ય છે. આ કારણોસર ત્યાં હવે ભારતીયો જઈને સ્થાયી થવામાં સંકોચ અનુભવે છે. અહીંના ભારતીય મૂળના લોકો આ દેશનાં તમામ ક્ષેત્રોમાં સક્રિય છે. રાજકીય અને ન્યાયતંત્રના અનેક મહત્ત્વના હોદ્દાઓ ભારતીય મૂળના લોકોએ શોભાવ્યા છે. અભ્યાસ કે રોજગારી માટે દક્ષિણ આફ્રિકાનું મહત્ત્વ ઘટ્યું છે.

૯. શ્રીલંકા :

શ્રીલંકામાં ૧૬ લાખ ભારતીય મૂળના લોકો વસવાટ કરે છે. આમાં તામિલનાડુ રાજ્યના લોકોની સંખ્યા નોંધપાત્ર છે. સિંહાલી અને તામિલ મૂળની પ્રજા વચ્ચેના સંઘર્ષ બાદ હાલ ત્યાં શાંતિ છે. શ્રીલંકાનું અર્થતંત્ર ડામાડોળ થતાં તેને સ્થિર કરવામાં ભારતે જંગી સહાય કરી છે. આ દેશમાં માનવસૂચકાંક અને માથાદીઠ આવક ભારત કરતાં વધારે છે. શ્રીલંકા અને ભારત વચ્ચે લોકોનું આદાનપ્રદાન થઈ શકવાની મોટી સંભાવના રહેલી છે. અહીં રહેતા ભારતીય મૂળના લોકો એક દીર્ઘ સંઘર્ષ બાદ સંવાદિતા સાથે રહે છે. શ્રીલંકાનું કુદરતી સૌંદર્ય અને રામાયણના પ્રસંગો સાથે જોડાયેલાં સ્થાનો ભારતીય પ્રવાસીઓ માટે આકર્ષણની બાબતો છે.

૧૦. કુવૈત :

મધ્યપૂર્વના ઈરાકને અડીને આવેલું કુવૈત તેના ઑઇલ ભંડારના કારણે અતિ સમૃદ્ધ છે. યુ.એ.ઈ.ની જેમ અહીં વસતા ૧૦ લાખ ભારતીય મૂળના લોકો માટે આદર છે. સલામતીભર્યા વાતાવરણમાં નિષ્ઠા અને કાર્યદક્ષતાથી કામ કરનાર ભારતીય સમુદાય માટે રોજગારી અંગે કુવૈતનું આગવું મહત્ત્વ છે. યુ.એ.ઈ, સાઉદી અરેબિયા અને કુવૈતમાં શ્રમિકોથી શરૂ કરીને સૉફ્ટવૅરના તજ્જ્ઞોની માંગ છે. અર્થતંત્રના તમામ રોજગારી ક્ષેત્રમાં ભારતીય મૂળના લોકોની હાજરી છે.

આ દશ દેશોમાં વસતા વિદેશી લોકોમાં ભારતના ૮૦ ટકા જેટલા લોકો છે. આપણા દેશના અર્થતંત્રમાં એન.આર.આઈ. દ્વારા મોકલાયેલી વિદેશી મુદ્રાનું પ્રમાણ કુલ વેપાર-ખાધના ૪૭ ટકા બરાબર છે. વર્ષ ૨૦૧૪-૧૫માં તેઓ દ્વારા રૂપિયા ૬ લાખ કરોડની વિદેશી મુદ્રા ભારતમાં મોકલી હતી તે આંક આજે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને રૂપિયા ૧૧.૬ લાખ કરોડ છે. આપણા અર્થતંત્ર માટે આ રકમ ખૂબ મહત્ત્વની છે. ડાયસ્પોરાના લોકો એટલે મૂળસમેત ઊખડી ગયેલા લોકો એવી સરખામણી થાય છે. જોકે આજે સંદેશા અને વાહનવ્યવહારની સવલત અને ઝડપ જોતાં વિશ્વ સાચા અર્થમાં વિશ્વગ્રામ બન્યું છે. ભારત સૌથી વિશાળ વસ્તી (૧૪૬ કરોડ) ધરાવે છે. આપણી ભાવિ પેઢી વિદેશમાં જે તકો ઉપલબ્ધ હોય તે ઝડપીને પોતાનો વિકાસ કરે તે જરૂરી છે. એની સાથે તેઓ ભારતના આર્થિક વિકાસમાં જે પ્રદાન કરે છે તે જળવાઈ રહે તે આવશ્યક છે.

ભાષા, સંસ્કૃતિ અથવા તો જીવનમૂલ્યોને લગતા ડાયસ્પોરાના પ્રશ્નોનો ઉકેલ સરળ નથી. ભારતીય મૂળના લોકો અન્યની સરખામણીમાં પોતાની આગવી ઓળખ રાખવામાં સફળ થયા છે, પરંતુ જેમ જેમ પેઢીઓ વીતતી જશે તેમ તેમ આ કાર્ય મુશ્કેલ બનશે. ભારતીય મૂળના લોકોની આગામી પેઢીઓ માટે બેવડી જવાબદારી છે. જે દેશમાં વસે છે ત્યાંના માહોલમાં ઓતપ્રોત થવું જરૂરી છે. એની સાથે ભારતીય સાંસ્કૃતિક વિરાસતની જાળવણી પણ જરૂરી છે. આ દેખીતો વિરોધાભાસ સમન્વયમાં ફેરવી શકાય તેમ છે. વિદેશીઓ પણ ભારતના ધર્મ, પહેરવેશ, ઉત્સવો અને વ્યંજનો પ્રતિ આકર્ષાય છે. ભિન્ન ભિન્ન પરંપરા વચ્ચે સમન્વય સ્થાપવો અને રંગભેદ કે જાતિભેદ નિયંત્રણમાં રહે તેવું વાતાવરણ સર્જવા માટેનો પડકાર નાનોસૂનો નથી.

દેશની ૧૪૬ કરોડની વસ્તી સામે ભારતીય મૂળના વિદેશ વસતા લોકોની સંખ્યા ૩.૨૧ કરોડ હોય તો તે માત્ર બે ટકાથી સહેજ વિશેષ છે. આ લોકોએ જે આર્થિક પ્રગતિ કરી છે અને ભારતના અર્થતંત્રને મોટો ટેકો આપ્યો છે તે જોતાં આપણે વિશ્વમાં ભારતીયની હકારાત્મક ઓળખ ટકાવી રાખવાની છે. ભારતમાં જે રીતે અલ્પમાં અલ્પ લઘુમતી હોવા છતાં પારસી કોમ દૂધમાં સાકરની જેમ ભળી ગઈ છે તેમાંથી ભારતીય મૂળના લોકોએ પ્રેરણા લેવાની છે. આપણા પૂર્વજોનું ‘વસુધૈવ કુટુંબકમ્’ સાર્થક કરવામાં ભારતીય મૂળના લોકોની અગ્ર ભૂમિકા રહી છે.


# નિસાર સેટેલાઈટ : એક નવા યુગનો પ્રારંભ



ચિંતન ભટ્ટ

કુદરતી પ્રક્રિયાઓ અને માનવીય પ્રવૃત્તિઓ દ્વારા આપણી પૃથ્વી સતત બદલાતી રહે છે. ટેક્ટોનિક પ્લેટોના સૂક્ષ્મ ઘસારાથી લઈને બરફની ચાદરોમાં નાટકીય ફેરફારો સુધી આ પરિવર્તન થાય છે. સંસાધનોનું સુચારુ સંચાલન કરવા, આપત્તિઓની આગાહી કરવા અને આબોહવા પરિવર્તન સાથે અનુકૂલન સાધવા માટે પૃથ્વીનાં ક્રિયાશીલ પરિવર્તનોને સમજવાં જરૂરી છે. તેને માટે પૃથ્વીની નિમ્ન ભૂ-કક્ષામાં ભ્રમણ કરતા દૂરસંવેદક ઉપગ્રહો પૃથ્વીના અવલોકન માટે સ્થાપિત કરવામાં આવ્યા. સૂર્યપ્રકાશનો ઉપયોગ કરીને પૃથ્વીનું અવલોકન કરતા ઉપગ્રહોની ઘણી મર્યાદા હોય છે માટે વીજ-ચુંબકીય તરંગો અને રડાર સિદ્ધાંતનો ઉપયોગ કરતા ઉપગ્રહો અજમાવવામાં આવ્યા. છબી તૈયાર કરતા (કોઈ પણ) રડારના (Imaging Radar) મૂળભૂત સિદ્ધાંત મુજબ જે સપાટીનું અવલોકન કરવાનું હોય તેના તરફ રડાર ઍન્ટેના પ્રકાશની ગતિએ મુસાફરી કરતા વીજચુંબકીય તરંગપુંજને ઉત્સર્જિત કરે છે. તરંગો સપાટી પરથી પરાવર્તિત થાય છે જે રડાર ઝીલે છે. પરાવર્તિત તરંગોનો અભ્યાસ કરીને સપાટીની છબીની રચના કરવામાં આવે છે. પરાવર્તિત તરંગપુંજની માત્રા અને સમય વિલંબ વડે રડાર છબી રચાય છે. આ છબી મુખ્યત્વે અવલોકન કરાયેલી સપાટીનું ઊબડખાબડપણું, તેના વિદ્યુતવાહક ગુણધર્મો અને ભ્રમણકક્ષાના રડારથી તેના અંતર જેવાં પરિમાણો પર આધાર રાખે છે. આ માટે સૂક્ષ્મ તરંગલંબાઈના વિદ્યુતતરંગનો ઉપયોગ થાય છે જે શાસ્ત્રોક્ત રીતે 'માઈક્રોવેવ' તરીકે ઓળખાય છે. પ્રસારણ દરમિયાન આ તરંગો પોતાની ઊર્જા ગુમાવે છે. તદુપરાંત તરંગપુંજ સપાટી પર પહોંચે ત્યારે ફેલાઈ જાય છે. પુંજ કેટલો ફેલાય છે તેનો આધાર તેની તરંગલંબાઈ અને તેને પ્રસારિત કરતાં ઍન્ટેનાના કદ પર રહેલો છે. ઉદાહરણ તરીકે એક હજાર કિલોમીટરની ઊંચાઈએથી ૧૦ મીટરના વ્યાસવાળા ઍન્ટેનાથી પ્રસારિત થતો ૦.૬ ડિગ્રીનો એક ચોક્કસ તરંગલંબાઈનો વિદ્યુતપુંજ પૃથ્વીની સપાટી પર ૧૦ કિલોમીટર જેટલો વિશાળ બની જાય છે. એટલે કે છબી પરનું એક બિંદુ ૧૦ વર્ગકિલોમીટર વિસ્તારનું પ્રતિનિધિત્વ કરે જે કોઈ રીતે ઉપયોગી નથી. વિદ્યુતપુંજનો ફેલાવો ઓછો કરવા માટે અને છબીનું રેઝોલ્યૂશન વધારવા માટે (સપાટી પરના જેમ ઓછા વિસ્તારનું પ્રતિનિધિત્વ છબી પરનું એક બિંદુ કરે તેને 'વધારે રેઝોલ્યૂશન' કહેવાય) ઍન્ટેનાનું કદ કિલોમીટરમાં જોઈએ જે વ્યવહારુ નથી.

આ સમસ્યાનું નિવારણ વિજ્ઞાનીઓએ આપ્યું અને રજૂ કરી 'સિન્થેટિક એપરચર રડાર - SAR' કાર્યશૈલી. રડારમાં એપરચર શબ્દ તેના ઍન્ટેનાના કદ માટે વપરાય છે. કેમેરાનું એપરચર (પ્રકાશને કેમેરાની અંદર જવા માટેનું કાણું) જેમ નાનું તેમ



**નિસાર સેટેલાઇટ**

વધુ સ્પષ્ટ છબી મળે જ્યારે રડાર માટે ઍન્ટેનાનું કદ જેમ મોટું તેમ વધુ સ્પષ્ટ છબી મળે. આ માટે સિન્થેટિક એપરચર રડાર સીધી લીટીમાં ગતિ કરતું હોવું જોઈએ જેને માટે તેને વિમાન અથવા ઉપગ્રહ પર ગોઠવી શકાય. તદુપરાંત તેમાં બે રડાર ડેટાનો ઉપયોગ કરીને સ્પષ્ટ છબીનું નિર્માણ થાય છે. આ રીતે ૧૦ મીટરના ઍન્ટેનાવાળું SAR દશ કિલોમીટર જેટલા વિશાળ ઍન્ટેનાવાળા રડાર જેવું કામ આપે છે. અહીં રડારના ઍન્ટેનાનું કદ (એપરચર) વિશાળ નથી પણ કૃત્રિમ રીતે (સિન્થેસાઇઝ) વિશાળ બની સ્પષ્ટ છબીનું નિર્માણ કરવા માટે ઉપયોગી થાય છે. પરિણામે તે કહેવાયું 'સિન્થેટિક એપરચર રડાર'. (અહીં આપેલી આંકડાકીય માહિતી નમૂનારૂપ છે તે જાણ સારુ.) આ એક અતિ જટિલ ટૅક્નૉલૉજી છે અને હજુ સુધી દુનિયાના કોઈ પણ દેશે SARને ઉપગ્રહ પર ગોઠવી તેને કાર્યાન્વિત કરવાનો પ્રકલ્પ હાથ ધર્યો નથી.

સેટેલાઇટ ટૅક્નૉલૉજી સંદર્ભે આજે વિશ્વમાં અમેરિકા (નાસા) અને રશિયાનું નામ મોખરે છે. સપ્ટેમ્બર, ૨૦૧૪માં નાસા અને ઈસરોએ આ પ્રકલ્પ સહિયારા પ્રયત્ને પાર પાડવાનું નક્કી કર્યું અને SARને સેટેલાઇટ પર ગોઠવી, પ્રક્ષેપિત કરીને કાર્યાન્વિત કરવા માટેના પ્રકલ્પની વિવિધ જવાબદારી પણ વહેંચી લીધી. આ અભિયાન 'નિસાર' અથવા 'એનઆઈ-સાર' અભિયાન તરીકે ઓળખાયું. SARના જુદી જુદી તરંગલંબાઈ પર કામ કરતાં બે રડારમાંથી એક રડાર (L બેન્ડ) નાસા આપશે. આ ઉપરાંત સંચાર-પ્રણાલી, જીપીએસ રિસીવર, સૉલિડ સ્ટેટ રેકૉર્ડર અને પેલોડ ડેટા સબસિસ્ટમ પ્રદાન કરવાની જવાબદારી પણ નાસા ઉઠાવશે. જ્યારે ઈસરો બીજું રડાર (S બેન્ડ), સેટેલાઇટ બસ, પ્રક્ષેપણયાન અને તેને આનુષંગિક સેવાઓ પ્રદાન કરશે. અલબત્ત, આજની તારીખે સેટેલાઇટ સંપૂર્ણ તૈયાર છે અને પ્રક્ષેપણની રાહ જોવાઈ રહી છે. ભારત અને અમેરિકાએ સાથે મળીને બનાવ્યો હોય તેવો આ પહેલો સેટેલાઇટ છે. સમગ્ર પ્રકલ્પનો

કુલ ખર્ચ ૧.૫ અબજ ડૉલર એટલે કે લગભગ ૧૨,૫૦૦ કરોડ રૂપિયા જેટલો છે જેમાં ઈસરોનો હિસ્સો લગભગ ૭૮૮ કરોડ રૂપિયા જેટલો છે. તેને નિમ્ન ભૂ-કક્ષામાં (આ કિસ્સામાં પૃથ્વીની સપાટીથી ૭૪૭ કિલોમીટરની ઊંચાઈએ આવેલી ભ્રમણકક્ષા) સ્થાપિત કરવામાં આવશે. અત્યાર સુધીમાં કોઈ પણ દેશે નિમ્ન ભૂ-કક્ષામાં આટલો મોંઘો સેટેલાઇટ સ્થાપિત કર્યો નથી. ૨૮૦૦ કિલોગ્રામ દળના નિસાર ઉપગ્રહને પ્રક્ષેપણ કરવાની યોજના જાન્યુઆરી, ૨૦૨૪માં હતી. પરંતુ કોરોના અને અન્ય કારણોસર તેનું પ્રક્ષેપણ પાછું ઠેલાતું ગયું. ઈસરોના તાજા સમાચાર મુજબ આ અનન્ય સેટેલાઇટને ઈસરોના પ્રક્ષેપણયાન GSLV-F16 દ્વારા ૩૦ જુલાઈ, ૨૦૨૫ના રોજ પ્રક્ષેપિત કરવાની યોજના છે. આ લેખ વાંચી રહ્યા હશો ત્યારે તે પ્રક્ષેપિત થઈ ગયો હશે.

બે જુદી જુદી તરંગલંબાઈના રડાર નિસારને એક વિશિષ્ટ સેટેલાઇટ બનાવે છે. લાંબી તરંગલંબાઈના (L બેન્ડમાં - ૨૪ સેમી) રડાર કિરણપુંજ વનસ્પતિના ઉપરના ભાગમાં, માટીમાં, કેટલાક સૂકા બરફમાં તેમજ બરફમાં ઊંડે સુધી પ્રવેશ કરી શકે છે. જેને કારણે જંગલમાં જૈવઊર્જાનો (Biomass) અંદાજ, કાર્બનસંગ્રહનો અંદાજ, જળપ્લાવિત મેદાનો અને ધ્રુવપ્રદેશોમાં બરફની સપાટી નીચેની માટીના પડમાં પરિવર્તન, માટીમાં ભેજના પ્રમાણનું આકલન, મોટા પાયે જમીનનું વિકૃતીકરણ વગેરે નિરીક્ષણ માટે ઉપયોગી છે. ઈસરોનું ટૂંકી તરંગલંબાઈનું (S બેન્ડમાં - ૧૦ સેમી) રડાર સપાટીના ખરબચડાપણા અને નાનાં લક્ષણો પ્રત્યે વધુ સંવેદનશીલ છે. તેના આ ગુણધર્મને લીધે કૃષિ પાકના પ્રકારોનું આકલન અને તેના સ્વાસ્થ્યના નિરીક્ષણ, શહેરી માળખામાં સૂક્ષ્મ ફેરફારો શોધવા, હિમવર્ષા (snow) અને બરફની સપાટી પરથી થતાં વિખેરણનું (scattering) અવલોકન, દરિયાઈ બરફની લાક્ષણિકતાનું નિરીક્ષણ જેવા ઉપયોગો માટે યોગ્ય છે. બંને રડારના ઉપયોગથી અલગ અલગ માહિતી મેળવવા કરતાં બંને રડારના સંયોજિત ઉપયોગથી પૃથ્વીની પ્રક્રિયાઓની વધુ વ્યાપક અને સૂક્ષ્મ સમજ મળે છે. ઉદાહરણ તરીકે નિસારના વનીકરણ અવલોકન પર દૃષ્ટિપાત કરીએ તો L-બેન્ડ ગાઢ જંગલના એકંદર જૈવઊર્જાનું માપ લે છે જ્યારે S-બેન્ડ વનસ્પતિના ઉપરના ભાગની અથવા છૂટીછવાઈ વનસ્પતિ વિશે માહિતી પૂરી પાડે છે. બે રડારની ક્ષમતાનો ઉપયોગ કરીને વધુ સમૃદ્ધ અને સટીક માહિતી મળે છે. નિસારના કેટલાક ઉપયોગોનાં ઉદાહરણોનું અહીં આપણે એક આચમન લીધું.

વૈજ્ઞાનિક પ્રયાસોમાં આંતરરાષ્ટ્રીય સહયોગનું નિસાર અભિયાન એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. નિસાર અભિયાનની આવરદા ઓછામાં ઓછી ત્રણ વર્ષ અંદાજવામાં આવી છે. તે દર બાર દિવસે પૃથ્વી પરની લગભગ બધી જમીન અને બરફની સપાટીના નકશા બનાવવા માટે માહિતી પૂરી પાડશે. નિસારની તમામ વૈજ્ઞાનિક માહિતી (Data) યોગ્યતા ધરાવતા બધા જ માટે મુક્તપણે ઉપલબ્ધ થશે. તેનાથી સંશોધકો અને ઉપયોગ કરતા વૈશ્વિક સમુદાયને પ્રોત્સાહન મળશે. આ અપ્રતિમ ડેટાસેટના ઉપયોગથી પૃથ્વી વિશેની આપણી સમજ વધુ ઊંડી બનાવવામાં અને વૈશ્વિક પડકારોનો સામનો કરવામાં

**(અનુસંધાન ૧૫મા પાને)**

# આઝાદીનો ભૂલાયેલો અવાજ



કુમારપાળ દેસાઈ

**દેશની આઝાદી માટેનો સવાસો વર્ષ**
**પહેલાંનો બુલંદ અવાજ ક્યાંય સંભળાયો નહીં !**

૨૫મી ઑગસ્ટ, ૧૮૬૪ના દિવસે મહુવામાં વીરચંદ રાઘવજી ગાંધીનો જન્મ થયો. આજથી ૧૩૨ વર્ષ પૂર્વે અમેરિકાના 'નવા વિશ્વ'ને વીરચંદ રાઘવજી ગાંધીએ ભારતીય સંસ્કૃતિની અસ્મિતાની ઓળખ આપી.

અમેરિકાના શિકાગો શહેરની આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટના કોલંબસ સભાગૃહમાં ઈ. સ. ૧૮૯૩માં યોજાયેલી વિશ્વધર્મ પરિષદમાં વીરચંદ રાઘવજી ગાંધીએ પ્રવચન આપ્યું. એ પછી અમેરિકાનાં અન્ય શહેરોમાં અને ત્યારબાદ ઇંગ્લૅન્ડના પ્રવાસમાં પણ એમણે અનેક પ્રવચનો આપ્યાં; એટલું જ નહીં, પણ કેટલીક તત્ત્વજ્ઞાન અને સેવાલક્ષી સંસ્થાઓની સ્થાપના પણ કરી.

એ સમયે ૨૯ વર્ષના યુવાન વીરચંદ ગાંધીની વિદ્વત્તા અને વાગ્ધારાએ સહુને સ્તબ્ધ કરી દીધા. માથે સોનેરી કિનારીવાળી કાઠિયાવાડી પાઘડી, લાંબો ઝભ્ભો, ખભે ધોળી શાલ અને પગમાં દેશી આંકડિયાળાં પગરખાં પહેર્યાં હતાં. ઊંચું ભરાવદાર શરીર, સુદૃઢ બાંધો, તેજસ્વી આંખો, હસતો ચહેરો અને પ્રતિભાસંપન્ન શાંત પ્રકૃતિથી વિશ્વધર્મ પરિષદની પહેલી હરોળમાં બેઠેલા વીરચંદ ગાંધી એમના ભારતીય પોશાકથી જ જુદા તરી આવતા હતા.

આ યુવાનની વિદ્વત્તા, અભ્યાસશીલતા, તાટસ્થ્યવૃત્તિ, અનેકાંતદૃષ્ટિ, ભારતીય ઇતિહાસ અને સમાજ વિશેનું ઊંડું જ્ઞાન તથા અઘરા ધાર્મિક સિદ્ધાંતોને વિદેશીઓ પણ સમજી શકે એ રીતે રજૂ કરવાના કૌશલ પર આયોજકો અને વિદેશી શ્રોતાજનો મુગ્ધ થઈ ગયા.

વીરચંદ ગાંધીની વાણીમાં પોથીપંડિતનું શુષ્ક પાંડિત્ય નહોતું, પરંતુ ગહન અભ્યાસ ઉપરાંત એમની પાસે તર્કપૂર્ણ દલીલશક્તિ, ઐતિહાસિક સંદર્ભો તેમજ રાષ્ટ્રની પ્રવર્તમાન ધાર્મિક અને સામાજિક પરિસ્થિતિ



**સ્વામી વિવેકાનંદ, એચ. ધર્મપાલ, શ્રી વીરચંદ ગાંધી**

વિશેની સમજણ હતી, વખત આવ્યે કોઈ મુદ્દા પર પ્રબળ વિરોધ કરીને સ્પષ્ટ આલોચના કરવાનું એમનામાં ખમીર હતું. વળી ભારતીય જીવનશૈલી પ્રત્યે સન્નિષ્ઠ, અભ્યાસપૂર્ણ આદર અને પરાધીન ભારતની કપરા સંજોગોમાં પણ ગરિમા જાળવવાની રાષ્ટ્રભક્તિ એમનામાં હતી. આ ઓગણત્રીસ વર્ષના યુવાનનો વિષયવ્યાપ જોઈને આપણે મંત્રમુગ્ધ થઈ જઈએ.

જૈનદર્શન વિશે એમની વાક્‌ધારા અસ્ખલિત વહેતી હતી. વળી વખત આવ્યે જૈનદર્શનના કોઈ સિદ્ધાંતની બૌદ્ધદર્શન કે વેદાંતદર્શન સાથે તુલના-વૈષમ્ય રજૂ કરતા હતા. એમણે સાંખ્ય, યોગ, ન્યાય, મીમાંસા અને વૈશેષિક જેવાં ભારતીય દર્શનોનો પણ ઊંડો અભ્યાસ કર્યો હતો અને એ વિશેનાં એમનાં પ્રવચનો જૈનદર્શનનાં પ્રવચનો જેટલાં જ પ્રમાણભૂત અને અભ્યાસનિષ્ઠ લાગે છે. માત્ર દર્શનોની તત્ત્વવિચારણા સુધી જ વીરચંદ ગાંધીનું વિશ્વ સીમિત નથી. વર્તમાન રાજકીય, સામાજિક અને આર્થિક પ્રવાહો વિશે તલસ્પર્શી જ્ઞાન ધરાવતા હતા. પરાધીન ભારતની કરુણ સ્થિતિ, શાસક બ્રિટન દ્વારા થતું ભારતનું શોષણ તથા એની સાથોસાથ પાશ્ચાત્ય જીવનશૈલીનો એમને સાક્ષાત્ પરિચય છે. તેમણે યોગપ્રણાલી વિશે વિસ્તૃત વક્તવ્યો આપ્યાં હતાં એની સાથોસાથ હિપ્નૉટિઝમ, ગૂઢ વિદ્યા (ઓકલ્ટ પાવર), શ્વાસનું વિજ્ઞાન, આહારવિજ્ઞાન, ગાયનવિદ્યા, માંસાહારનાં ભયસ્થાનો, આભામંડળ જેવા વિષયો પર પ્રબુદ્ધ વિદેશી શ્રોતાઓ સમક્ષ વક્તવ્યો આપ્યાં.

'હિંદુઓનું પ્રાગૈતિહાસિક જીવન', 'ભારતમાં લગ્નનો દરજ્જો', 'ભારતમાં સ્ત્રીઓની સ્થિતિ', 'ભારતીય પ્રજાના સામાજિક રીતરિવાજો' તથા 'હિંદુ સ્ત્રીઓ - ભૂત, વર્તમાન અને ભાવિ' જેવા સામાજિક વિષયો પર એમણે પ્રવચનો આપ્યાં હતાં. હિંદુસ્તાનની વર્તમાન રાજકીય પરિસ્થિતિથી તેઓ પૂરા અભિજ્ઞ હતા અને તેથી 'ભારતની રાજનૈતિક અવસ્થા', 'રાજકીય ભારત - હિંદુ, મુસ્લિમ અને અંગ્રેજ' તથા 'અમેરિકન રાજનીતિ પર વર્તમાન સામાજિક કાયદાનો પ્રભાવ' જેવા વિષયો વિશે વક્તવ્યો પણ આપ્યાં.

એ સમયે પરાધીન ભારત નિર્ધન, પછાત અને શોષિત અવસ્થાથી પીડાતું હતું. ત્યારે વીરચંદ ગાંધીએ અતિ સમૃદ્ધ એવા અમેરિકાને ભારત પાસેથી કેટલી બધી વૈચારિક, આધ્યાત્મિક અને જીવનઘડતર કરનારી સમૃદ્ધિ મળી શકે તેમ છે એની વિગતે રજૂઆત કરી. એમણે 'ભારતનો અમેરિકાને સંદેશ' અથવા 'ભારતની અમેરિકાને ભેટ' જેવા વિષયો પર મૌલિક વ્યાખ્યાનો આપ્યાં. આ બધું જોતાં એમ લાગે છે કે વીરચંદ ગાંધીની પ્રતિભા અનેક વિષયો અને ક્ષેત્રોમાં સફળપણે વિહરી શકતી હતી.

ઈ. સ. ૧૮૯૩માં અમેરિકાની પ્રજા સમક્ષ એક સભામાં એમણે કહ્યું, 'ભારતીય સંસ્કૃતિની તાકાતને હજી તમે ક્યાં પૂરી સમજ્યા છો ? દુર્ભાગ્યે તમારા અજ્ઞાનને કારણે અને તમને મળતી વિકૃત માહિતીઓને લીધે તમે માની બેઠા છો કે ભારત દેશમાં માત્ર વાઘ, કોબ્રા અને રાજાઓ જ વસે છે. મારે તમને અમેરિકનોને ભારતના વિપુલ

સાહિત્યની, સમૃદ્ધ ભાષાની, ભવ્ય સંસ્કૃતિની અને આગવા જીવનવિજ્ઞાનની ઓળખ આપવી છે.'

વીરચંદ ગાંધીની હિંમત, દૃઢતા અને તર્કબદ્ધતા એવી હતી કે અમેરિકનો એમને સાંભળવા માટે સભામાં ઊમટી પડતા અને સૌરાષ્ટ્રના મહુવાનો આ યુવાન સહેજે ખચકાટ વિના નિર્ભયતાથી ભારતીય સંસ્કૃતિની વિશેષતાઓ દર્શાવતો હતો. જે સમયે ભારતમાં અંગ્રેજ સલ્તનતની કદમબોસી થતી હતી, એ સમયે આ યુવાને અમેરિકાની એક સભામાં કહ્યું, 'તમને એમ કહેવામાં આવે છે કે ભારતીય સમાજ જંગલી, પછાત, રૂઢિગ્રસ્ત, વહેમી અને નિર્માલ્ય છે, પણ તમે એ જાણો છો કે પશ્ચિમ જ્યારે અજ્ઞાન અને અંધકારમાં અથડાતું હતું, ત્યારે છેક એ સમયે પણ ભારત પાસે જ્ઞાનનો ઉજ્જવળ પ્રકાશ હતો. ભારતની ધર્મક્રિયાઓ અને સામાજિક પ્રથાને નહીં સમજનારા પશ્ચિમના લોકો બિચારા આ ધર્મક્રિયાઓની પાછળના ગહન મર્મ અને વૈજ્ઞાનિક રહસ્યોને જાણી શક્યા નથી. મારે તમને એ મર્મ અને રહસ્ય કહેવાં છે.'



**શ્રી વીરચંદ ગાંધી**

એમણે અમેરિકાને કહ્યું કે તમારી ભોજનશૈલી એ તો તમને તામસી સ્વભાવવાળા બનાવનારી છે અને પછી 'ધ સાયન્સ ઑફ ઈટિંગ' નામનું ચોટદાર વ્યાખ્યાન આપીને એમણે ભારતીય ભોજનશૈલીની વિશેષતા બતાવી. તમે ભોજન કરો છો, પરંતુ આહારશૈલીની ખરી વિશેષતા તો ભારતીય આહારમાં છે અને સાત્ત્વિક ભારતીય આહારની પ્રતિષ્ઠા કરે છે. વીરચંદ ગાંધી વધુમાં કહે છે કે તમને આશ્ચર્ય થશે કે તમે જે સ્મૃતિશક્તિ કે 'મેમરી'ની વાત કરો છો, એ સ્મૃતિશક્તિનાં અદ્‌ભુત ઉદાહરણો મારે તમને આપવાં જોઈએ અને એમ કહીને તેઓ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની અદ્‌ભુત સ્મૃતિશક્તિ તથા શ્રીમદ્ રાજચંદ્ર અને શ્રી ગટુલાલજી મહારાજનાં શતાવધાનનાં દૃષ્ટાંતો આપે છે.

વળી સ્મૃતિશક્તિની વાત કરતાં એમણે અમેરિકામાં એકાગ્રતા કઈ રીતે કેળવી શકાય, એ વિશે આઠ-આઠ પ્રવચનો આપ્યાં. ભારતીય સ્ત્રીઓ અત્યાચાર, ક્રૂરતા અને રિવાજોના બંધનમાં જીવતી વિશ્વની અત્યંત દયનીય મહિલાઓ છે એવાં પાદરીઓ અને અમેરિકાના લેખકોએ વર્ણનો આપ્યાં હતાં. આની સામે વીરચંદ ગાંધીએ ભારતીય સ્ત્રીઓ વિશે ફેલાયેલી અને ખૂબ પ્રસારિત કરવામાં આવેલી બાબતો અંગે સચ્ચાઈનું આલેખન કર્યું. વળી વિશ્વધર્મ પરિષદમાં ભારતીય નારીની ગરિમા વિશે સચોટ જવાબ આપ્યો. રેવરન્ડ પેન્ટાકોસ્ટે આક્રમક ભાષામાં હિંદુ ધર્મ પર અનૈતિકતાનો આક્ષેપ કરતાં કહ્યું,

'આ ધર્મમાં વેશ્યાઓને મંદિરોની પૂજારણ બનાવવામાં આવે છે અને તે પૂજારણ હોય તોપણ વેશ્યાનું કામ કરતી હોય છે.'

એ સમયે આ વિશ્વધર્મ પરિષદમાં સ્વામી વિવેકાનંદ, પ્રતાપચંદ્ર મજુમદાર જેવા હિંદુ ધર્મના પ્રતિનિધિઓની ઉપસ્થિતિ હોવા છતાં વીરચંદ ગાંધીને માથે આનો ઉત્તર આપવાનું આવે છે અને એ કહે છે, 'આ પાદરીઓ ભારતના લોકોનું સામૂહિક ધર્માંતરણ કરવા પ્રયત્ન કરે છે, પરંતુ એ પછી એમનાં સ્વપ્નાં વિફળ જતાં તેઓ ભારતથી પાછા આવીને આખી જિંદગી હિંદુ ધર્મની નિંદા કરવામાં ઘસી નાખે છે. હિમાલયથી માંડીને કેપ કેમોરિન સુધી ક્યાંય મંદિરોમાં મહિલા પૂજારણ નથી અને જો આવા આક્ષેપો પ્રમાણેનો સમાજ હિંદુ ધર્મે સર્જ્યો હોત, તો આ ધર્મે કયા બળે એવા સમાજનું નિર્માણ કર્યું હશે કે જેને માટે ગ્રીક ઈતિહાસવેત્તાએ કહ્યું, 'કોઈ હિંદુને અસત્ય બોલતો જાણ્યો નથી અને કોઈ હિંદુ સ્ત્રી ક્યારેય અપવિત્ર હોય એવું જાણ્યું નથી.' આટલું કહ્યા પછી વીરચંદ ગાંધીએ પ્રબળ ટંકાર કર્યો કે હિંદુસ્તાનના જેવી ચારિત્રશીલ સ્ત્રીઓ અને વિનમ્ર પુરુષો આજેય બીજે ક્યાં જોવા મળે છે ?

પોતાના વક્તવ્યના અંતિમ ભાગમાં વીરચંદ ગાંધી કહે છે કે, 'જેઓ ભારતની આવી નિંદા કરે છે, તેમને માટે હું અત્યંત દિલગીરી અનુભવું છું. પણ મારા માટે સાંત્વનારૂપ બાબત એ છે કે એમને મળતી માહિતી છેક ત્રીજા કે ચોથા સ્રોત(ફોર્થ હૅન્ડ ઈન્ફર્મેશન)માંથી મળેલી હોય છે, જે વાસ્તવિક સત્ય કરતાં વહેમો અને માન્યતાઓથી ખચિત હોય છે.'

તમે કલ્પના કરો કે ખ્રિસ્તી ધર્મનો પ્રભાવ દર્શાવવા માટે શિકાગોમાં યોજાયેલી વિશ્વધર્મ પરિષદમાં જુદા જુદા ધર્મગુરુઓ સમક્ષ આવી હિંમત દાખવવી, એ કંઈ જેવી તેવી વાત નથી. પેન્ટાકોસ્ટના આક્ષેપો, અપશબ્દો અને પ્રહારોનો પ્રત્યુત્તર વીરચંદ ગાંધીએ સ્વસ્થતા, શિસ્ત અને પ્રમાણભૂત માહિતી સાથે આપ્યો અને આને પરિણામે ૨૬ સપ્ટેમ્બર, ૧૮૯૩ના 'શિકાગો ટાઈમ્સ' અખબારે પોતાની નોંધમાં લખ્યું,

'ભારતમાં છસ્સો જેટલી પૂજારણો છે જે વેશ્યા છે !' એમ કહીને રેવરન્ડ જ્યૉર્જ એફ. પેન્ટાકોસ્ટે નિમ્ન કક્ષાની ભાષા પ્રયોજીને ભારતની અઘટિત ટીકા કરી. આવી મલિન ઈરાદાવાળી ટીકાનો જૈન ધર્મના પ્રતિનિધિ વીરચંદ ગાંધીએ તાર્કિક અને ગરિમાપૂર્ણ પ્રત્યુત્તર વાળ્યો. આવી નોંધ સાથે આ અખબારે વીરચંદ ગાંધીનું પ્રવચન અક્ષરશઃ પ્રગટ કર્યું હતું.

આહારવિજ્ઞાન અને શ્વાસનું વિજ્ઞાન, આભામંડળ જેવા વિષયો પરનાં એમનાં વ્યાખ્યાનો તો અમેરિકાના શ્રોતાઓને માટે એક નવી દુનિયાની વાત જેવાં હતાં.

વીરચંદ ગાંધીના હૃદયની હિંમત અને વક્તવ્યોની ધાર કેવી હશે કે એમણે એક સભામાં 'અમેરિકાની સ્ત્રીઓએ ટોપીમાં પક્ષીનાં પીંછાં ન રાખવાં જોઈએ' એ વિશે તર્કબદ્ધ અને કરુણાસભર પ્રવચન આપ્યું હતું, તો વળી ખ્રિસ્તી મિશનરીઓએ ફેલાવેલી ભારત વિશેની ખોટી માન્યતાઓ સામે અવાજ ઉઠાવતાં વીરચંદ ગાંધી કહે છે, 'અમે ભારતીયો માત્ર એકાદ રવિવારે જ કરુણાની ભાવના પાળતા નથી, અમારી કરુણા તો માત્ર મનુષ્યો જ નહીં, બલ્કે પ્રાણી અને પ્રકૃતિ સુધી અવિરત વહે છે. અમારી ધર્મક્રિયાઓ અને તહેવારો પર અંધશ્રદ્ધાનો આક્ષેપ કરાય છે, પણ ખરેખર તો અમારા

આચાર અને ઉત્સવો વિજ્ઞાનના નિયમો પર આધારિત છે. પ્રત્યેક હિંદુ ભોજન સમયે હાથ અને પગ સ્વચ્છ કરે છે, તે વિજ્ઞાનનો એક નિયમ છે. જેને તમે વૈજ્ઞાનિક સિદ્ધાંત કહો છો, તે અમારી દૈનિક ક્રિયામાં વણાયેલો છે.

એમણે કહ્યું કે 'તમારે ત્યાં દેશભક્ત જ્યોર્જ વૉશિંગ્ટન અને માનવતાવાદી અબ્રાહમ લિંકન થયા, તો અમારે ત્યાં પણ સમ્રાટ અશોક અને રાજા વિક્રમ થયા છે.' ભારતની મહત્તા પ્રગટ કરીને એમણે કહ્યું કે, 'જો ભારતની સંસ્કૃતિ ખરીદી શકાય તેમ હોત તો તો ઇંગ્લૅન્ડે તે દેશમાંથી ખરીદી લીધી હોત પણ એ બની શકે તેમ નથી.'

એમણે એક સભામાં કહ્યું કે 'આજે અમે મહારાણી વિક્ટોરિયાના પ્રજાજન છીએ. જો અમારી પોતાની સરકાર હોત તો અમે વિશ્વનાં બધાં રાષ્ટ્રો સાથે શાંતિમય સંબંધની ગાંઠ બાંધી હોત. અમે કોઈના અધિકાર પર તરાપ મારવા ઇચ્છતા નથી. સમગ્ર માનવજાતની એકતાને ઝંખીએ છીએ. અને પછી સંસ્કૃત શ્લોક ટાંકીને કહે છે કે, 'મારા દેશના લોકો તો સમગ્ર વિશ્વને એક કુટુંબમાત્ર માને છે !'

ભારતમાં રાજકીય સ્વતંત્રતાની ઉષાનું પહેલું કિરણ પણ ફૂટ્યું નહોતું, ત્યારે ૧૮૯૩માં વીરચંદ ગાંધીએ એવું ભવિષ્યદર્શન કર્યું હતું કે, 'હિંદુસ્તાન આઝાદ થશે તો બધા દેશો સાથે શાંતિમય સહઅસ્તિત્વથી રહેશે.'

૧૩૨ વર્ષ પૂર્વે ભારતીય ધર્મદર્શન, જીવનશૈલી અને આઝાદીનો જયઘોષ કરાવનાર વીરચંદ ગાંધીને ખુદ એનું ગુજરાત જ વીસરી ગયું છે ! જેનું જીવન અને સંદેશ વિદ્યાર્થીઓને બાલ્યાવસ્થામાંથી શીખવવો જોઈએ, એ જીવન આજેય અજ્ઞાત રહ્યું છે અને એ સંદેશ સાવ અજાણ્યો રહ્યો છે. અમેરિકામાં જઈને આઝાદી માટે અવાજ ઉઠાવનાર, અહિંસક માર્ગે આઝાદી મેળવવાનું ક્રાંતદર્શન આપનાર અને સર્વ દેશો સાથે સહઅસ્તિત્વથી રહેવાની કલ્પના કરનાર આ વીર, સાહસિક વિદ્વાનને કોઈએ પ્રજાસત્તાક દિવસે પણ યાદ કર્યા છે ખરા ?

---

**(૧૦મા પાનાનું ચાલુ)**

ઉપયોગી થશે. નિસારમાંથી અસ્ખલિત મળતો ઉચ્ચ રેઝોલ્યૂશન ડેટાનો પ્રવાહ આપણા ગ્રહને ઓળખવાની એક નવી જ દૃષ્ટિ પ્રદાન કરશે. તે આપણા વિશ્વને આકાર આપતા સૂક્ષ્મ અને નાટકીય ફેરફારોને ઉજાગર કરે છે. આ અદ્‌ભુત સેટેલાઇટના બંને રડારનું સંકલન અમેરિકામાં થયું છે - જ્યારે સેટેલાઇટની સંપૂર્ણ રચના ઇસરો-બૅંગાલુરુમાં નિર્માણ પામી છે. અમદાવાદના અંતરિક્ષ ઉપયોગ કેન્દ્રે આ અભિયાનમાં મહત્ત્વની ભૂમિકા નિભાવી છે. S-બેન્ડ રડારના નિર્માણની સંપૂર્ણ જવાબદારી, અંતરિક્ષયાન બસ, ડેટા પ્રસારણ પ્રણાલી અને અંતરિક્ષયાનના સંકલન અને પરીક્ષણ તેમજ સેટેલાઇટના પ્રમોચન પછીની આનુષંગિક પ્રવૃત્તિઓ માટે અમદાવાદનું ઇસરોનું કેન્દ્ર સહાયભૂત રહ્યું છે. સેટેલાઇટ ટૅક્નૉલૉજીના માધ્યમથી પૃથ્વી નિરીક્ષણના એક નવા યુગના શ્રીગણેશમાં ઇસરો અને ખાસ તો અમદાવાદના અંતરિક્ષ ઉપયોગ કેન્દ્રની મહત્ત્વની ભૂમિકાથી સૌ ભારતીયોની છાતી ગજ ગજ ફૂલે છે.

# અનિર્ણાયકતા : બુદ્ધિશાળી મનુષ્યનું લક્ષણ



રતિલાલ બોરીસાગર

બુદ્ધિશાળી મનુષ્ય કોને કહેવાય એની કોઈ બુદ્ધિશાળી મનુષ્યે - ઘણું કરીને બર્ટ્રાન્ડ રસેલે આપેલી વ્યાખ્યા એક વાર મેં વાંચેલી : 'બહુ વિચાર કરીને પણ મોટે ભાગે ખોટો નિર્ણય કરે તેનું નામ બુદ્ધિશાળી.' આ વ્યાખ્યા વાંચી તે પહેલાં હું બુદ્ધિશાળી છું કે કેમ તે અંગે કશો નિર્ણય કરી શકતો નહોતો, પણ આ વ્યાખ્યા વાંચ્યા પછી મારા મનમાં એકદમ અજવાળું અજવાળું થઈ ગયું. ઓહ ! બુદ્ધિશાળી મનુષ્યની આવી વ્યાખ્યા હોય તો તો હું માત્ર બુદ્ધિશાળી જ નહિ, મહાબુદ્ધિશાળી મનુષ્ય ગણાઉં ! જીવનમાં ક્યારેય હું તરત નિર્ણય લઈ શકતો નથી. કોઈ પણ બાબતમાં નિર્ણય લેતાં મને ખૂબ જ વાર લાગે છે. ખૂબ ખૂબ વિચાર કર્યા પછી પણ હું કાં તો નિર્ણય કરી જ શકતો નથી અને કરી શકું છું તો દસમાંથી નવ વાર ખોટો નિર્ણય કરું છું.

હું પ્રાથમિક શાળામાં ભણતો ત્યારે અમારે ભણવામાં ચંદુ પટાવાળાનો પાઠ આવતો. આ ચંદુ હેમ્લેટના અવતાર સમો હતો. દરેક વાતમાં 'આમ કરું કે તેમ કરું ?'ના વિચારમાં અટવાઈ જતો. એક વાર એને સામેના ગામમાં ટપાલ લેવા જવાનું થયું. વચ્ચે નાની નદી આવી. ચંદુને થયું 'ચલ જાઉં કે ટપ જાઉં ?' પાણીમાં સોંસરવા ચાલીને જવું કે ટપીને જવું એના વિચારમાં ચંદુએ એટલો બધો સમય ગાળ્યો કે જ્યારે એણે ટપીને જવાનો નિર્ણય કર્યો ત્યારે એને ખ્યાલ આવ્યો કે હવે તો સાંજ પડી ગઈ અને સામેના ગામની ઑફિસ બંધ થઈ ગઈ હશે. એટલે પછી ચંદુભાઈ વિચારમાં પડ્યા કે હવે સામેના ગામે જવું કે ઘેર પાછા જવું ? ચંદુભાઈ વિચારમાં પડે પછી જલદી ઊભા ન થઈ શકે. ચંદુભાઈ વિચારતા જ રહ્યા, વિચારતા જ રહ્યા ને રાત પડી ગઈ. ઘરનાં માણસો ચંદુભાઈને શોધતાં શોધતાં ચંદુભાઈ વિચારમગ્ન હતા તે સ્થાને આવી પહોંચ્યાં ત્યાં સુધી ચંદુભાઈ છેવટનો નિર્ણય લઈ શક્યા ન હતા.

આ ચંદુભાઈ અને હું લગભગ સરખા છીએ. હું જન્મથી જ ચંદુભાઈ છું એમ જ સમજો ને ! હું એસ.એસ.સી.માં હતો ત્યારે એક વાર મને શાક લેવા મોકલવામાં આવ્યો. 'કયું શાક લાવું ?' એવો પ્રશ્ન મેં વારાફરતી બધાં વડીલોને પૂછ્યો, પણ બધાંએ 'તને ઠીક પડે તે લાવજે ને' કહી શાકની પસંદગીની સર્વ સત્તા મને સોંપી. પણ આ ઠીક પડવામાં મને ઠીક ઠીક મુશ્કેલી પડી. દૂધી અને ભીંડો એકદમ વયોવૃદ્ધ જણાયાં, ગવાર સારો હતો, પણ ઘણો મોંઘો હતો. ટીંડોરાં સસ્તાં હતાં, પણ એટલાં સારાં નહોતાં. બટાકા સારા હતા, ભાવ પણ વાજબી જણાતો હતો, સૌને ભાવતા પણ હતા, પરંતુ બાને તથા મોટા ભાઈને ફાવતા નહોતા. મને લાગ્યું કે કયું શાક લેવું તેનો નિર્ણય કરવાનું ઘણું અઘરું છે. આખરે કશું જ શાક લીધા વગર પાછો ઘેર આવ્યો હતો.

આપણી સ્વાતંત્ર્યોત્તર શિક્ષણવ્યવસ્થાને પ્રતાપે ભણેલા માણસ માટે નોકરી દુર્લભ છે એટલે 'આ નોકરી સ્વીકારું કે પેલી ?' એવા મનોમંથનમાંથી તો સદ્ભાગ્યે હું ઊગરી

ગયો ને જે પહેલી નોકરી મળી તે વધાવી લીધી, પણ છોકરી પસંદ કરવાની વાત આવી ને હું ચંદુભાઈ બની ગયો ! યુવાનીને ઉંબરે પગ મૂક્યો ત્યારે હું માનતો હતો કે પત્ની પસંદ કરવાનું કામ માનવજીવનનું સૌથી વધુ આનંદદાયક કામ છે, પણ એ કામ આવી પડ્યું ત્યારે લાગ્યું કે આ તો માનવજીવનનું કદાચ સૌથી વધુ કષ્ટદાયક કામ છે ! દરેક યુવાનની જેમ મારે પણ સર્વાંગસુંદર અને સર્વગુણસંપન્ન પત્ની જોઈતી હતી, પરંતુ આ જગત વિશે આવી પત્ની મેળવવાનું કામ અઘરું જ નહિ, લગભગ અશક્ય છે એમ મને લાગ્યું. કોઈનું રૂપ ઓછું પડતું હતું, કોઈમાં જોઈએ એવા ગુણો જણાતા નહોતા, કોઈનું ભણતર અપેક્ષા મુજબનું નહોતું, ભણતર અપેક્ષા મુજબનું હોય એના માર્ક્સ અપેક્ષા મુજબના નહોતા, કોઈના બુદ્ધિચાતુર્યથી જોઈએ એવો સંતોષ થતો નહોતો; મને લાગતું હતું (આજે પણ લાગે છે) કે પત્નીની સંખ્યા આટલી બધી સીમિત કરી દેવામાં આવી હોય એવા જગતમાં જોઈએ એવા રૂપગુણબુદ્ધિવાળી પત્ની મેળવવાની આશા રાખવી વ્યર્થ છે. અનેક સ્ત્રીઓને પરણનારા આપણા વડીલો વધુ દીર્ઘદૃષ્ટિવાળા હતા એનો મને ખ્યાલ આવ્યો, પણ હું તો એક અને માત્ર એક સ્ત્રીને જ પરણી શકાય એવા હૃદયહીન યુગમાં જન્મ્યો હતો અને યુગ પર પ્રભાવ પાડી કાયદો બદલાવી શકવા સમર્થ થાઉં ત્યાં સુધીમાં મારી પરણવાની ઉંમર ચોક્કસ વીતી ગઈ હોય એમાં શંકા નહોતી. આખરે મેં વડીલોને કહ્યું, 'તમારી સેવા કરવી એ જ મારા જીવનનું પરમ લક્ષ્ય છે, માટે તમે જ મને યોગ્ય કન્યા પસંદ કરી આપો.' કળિકાળમાં શ્રવણ જેવો પુત્ર સાંપડ્યાનો આનંદ અનુભવી વડીલોએ કન્યા પસંદ કરી આપીને મારા જીવનનો એક મહત્ત્વનો પ્રશ્ન હલ કરી આપ્યો. આમ છતાં, ગમ્મત ખાતર મેં ઘણી વાર વિચાર કરી જોયો છે કે, જો મેં જ કોઈ કન્યા પસંદ કરી હોત તો એ સમયની સુલભ કન્યાઓમાંથી હું કોને પસંદ કરત ? પરંતુ મારે કહેવું જોઈએ કે દાદા બન્યાની આ ઉંમરે દાદી બની ગઈ હશે એવી એ કન્યાઓમાંથી હું કોને પસંદ કરત અથવા મારે કોને પસંદ કરવી જોઈતી હતી તે વિશે આજે પણ હું કશા નિર્ણય પર આવી શક્યો નથી !

બધામાં કંઈ ને કંઈ ફાયદો હોય તેવા વિકલ્પોમાં સૌથી વધુ ફાયદો શેમાં છે તે પણ હું ક્યારેય નક્કી કરી શકતો નથી તેમ કંઈ ને કંઈ નુકસાન હોય તેવા વિકલ્પોમાં ઓછું નુકસાન શેમાં છે તે પણ હું નક્કી કરી શકતો નથી. પરિણામે મોટે ભાગે બંને વિકલ્પોમાં નુકસાન ભોગવવાનો વખત આવે છે. દાખલા તરીકે ક્યાંક જવાનું હોય ત્યારે બસમાં જવાનું રાખું તો સમયનો બહુ વ્યય થાય, પણ પૈસામાં સારો એવો ફાયદો થાય અને જો રિક્ષામાં જાઉં તો સમય ખૂબ બચે, પણ પૈસા ઘણા વધારે થાય. આમ વિચારી બસ-સ્ટૅન્ડે ઊભાં ઊભાં હું બસની રાહ જોઉં કે રિક્ષામાં જાઉં એવું વિચાર્યા કરું છું. આ રીતે લાંબો સમય રાહ જોઈને પછી રિક્ષામાં ગયો હોઉં એવું અનેક વાર બન્યું છે. કોઈ વાર તો રિક્ષામાં બેસું છું ને બસ આવીને ઊભી રહી હોય એવુંય બન્યું છે !

બર્ટ્રાન્ડ રસેલના માપદંડ પ્રમાણે હું નિશ્ચિત બુદ્ધિશાળી મનુષ્ય છું એની ખાતરી કરાવવા હજુ બીજાં અનેક દૃષ્ટાંતો આપી શકું તેમ છું. પણ સુજ્ઞેષુ કિં બહુના ?

# સ્પેનનું લા મુરલ્લા રોજા




હેમંત વાળા

સ્પેનના એલિકેન્ટમાં વર્ષ ૧૯૭૩માં સ્થપતિ રિકાર્ડો બોફિલ દ્વારા નિર્ધારિત કરાયેલ હાઉસિંગની, આવાસ-સમૂહની આ એક રસપ્રદ રચના છે. સ્પૅનિશ ભાષામાં લા મુરલ્લા રોજાનો અર્થ 'ધ રેડ વૉલ' અર્થાત્ લાલ દીવાલ થાય છે. અહીં એ વાત તો સ્થાપિત થઈ જાય છે કે આ મકાનના રંગરોગાનમાં લાલાશ પડતા રંગનું મહત્ત્વ વધુ હોય. સ્વાભાવિક છે કે આ રચનાને આ સ્થપતિની દસ સૌથી પ્રતિષ્ઠિત રચનામાં સ્થાન મળ્યું હોય. કહેવાય છે કે આ આવાસ-સમૂહની રચનાની પ્રેરણા ભૂમધ્ય સમુદ્રના વિસ્તારના કાસ્બાહ શૈલીની સ્થાપત્ય પરંપરા પરથી લેવાઈ છે. આ શૈલીમાં અહીંની આબોહવા અનુસાર બહાર ખૂલતા અને પ્રમાણમાં આંતરિક કહી શકાય તેવા રવેશના મહત્ત્વ સાથે સાથે પ્રકૃતિ સાથે વિરોધ સ્થાપિત કરી શકે તેવા રંગોનું પણ મહત્ત્વ રહેલું છે.

આશરે ૫૦ જેટલાં ઍપાર્ટમેન્ટનો સમાવેશ કરતી આ રચનાનો પ્લાન આમ તો, ચોરસ જગ્યાઓની ચેસ-બોર્ડ જેવી ગોઠવણ સમાન સામાન્ય કહી શકાય તેવો છે. આ સામાન્ય ગણી શકાય તેવી ગોઠવણમાં પણ જે રીતે જરૂરી વિવિધતા લાવી શકાઈ છે તે એક રસપ્રદ ઘટના છે. અહીં ૬૦ ચો.મી.નો સ્ટુડિયો ઍપાર્ટમેન્ટ, ૮૦ ચો.મી.ના બે-બેડરૂમના ઍપાર્ટમેન્ટ અને ૧૨૦ ચો.મી.ના ત્રણ-બેડરૂમના ઍપાર્ટમેન્ટ ગોઠવાયા છે. આ ઉપરાંત વૈભવી જીવનની જરૂરિયાતોને પૂરી કરવા માટે છત ઉપર સોલારિયા, સ્વિમિંગ પુલ, સોના તથા અવલોકન ગૅલરી અને નીચેના સ્તરે રેસ્ટોરાં અને પ્રાથમિક જરૂરિયાતો માટેની દુકાનની ગોઠવણ તો ખરી જ.

રક્ષણ આપતા કિલ્લાની અનુભૂતિ કરાવે તેવી રચના, સમગ્ર મકાન જાણે ખડકોમાંથી બહાર આવ્યું હોય અથવા ખડકો ઉપર ગોઠવાઈ ગયું હોય તે પ્રકારની અનુભૂતિ, સામાજિક માળખા પ્રમાણે જાહેર અને ખાનગી સ્થાન વચ્ચેની સ્પષ્ટ નિર્ધારિતતા, જગ્યાઓને પરસ્પર રસપ્રદ રીતે સાંકળતા 'ઇન્ટરલૉકિંગ' દાદરાઓ અને તેની સાથે સંકળાયેલા વિવિધ મંચ-પ્લૅટફૉર્મ તેમજ બ્રિજ-પુલ, કુદરતી પરિસ્થિતિ સાથે સ્થપાતો દૃશ્ય વિરોધાભાસ, પાડોશીઓને પરસ્પર જોડતા સામાજિક કહી શકાય તેવા રવેશ, બધાં જ ઍપાર્ટમેન્ટમાં સરળતાથી મળી રહેતાં કુદરતી હવા-ઉજાસ, કેટલાંક સ્થાનોએ ભુલભુલામણી લાગી શકે તે પ્રમાણેનું રસિક આયોજન, આકાશ-રેખાના નિર્ધારણમાં રખાયેલી વિશેષ પ્રકારની ચોકસાઈ, બાજુમાં રહેલા સમુદ્ર સાથે સ્થપાયેલું દૃશ્ય-સમીકરણ, પહેલી જ નજરે કુતૂહલ જાગ્રત થાય તે પ્રમાણેના કેટલાક સ્થાપત્યકીય નિર્ણયો, ભૌમિતિક બંધન રહેવા છતાં જ્યાં સંભાવના હોય ત્યાં સ્વીકારાયેલી મુક્તતા,



દાદરાઓની રચનામાં ઊભી થતી નાટકીયતા અને તે સાથે તેની ઉપયોગિતા વખતે અનુભવાતી વિવિધતા, સમગ્ર રચનામાં સપાટીઓને મળતું મહત્ત્વ, આ પ્રકારની સપાટીઓથી દૃઢતાથી સ્થાપિત થતું સ્થાન-નિર્ધારણ અને સાથે સાથે ઊભરતું દિશા-સૂચન અને કેટલીક નાની કહી શકાય તેવી બાબતો પર પણ સંવેદનશીલતાથી અપાયેલ ધ્યાન - આ અને આવી બાબતો આ આવાસ સમૂહને ઉલ્લેખનીય બનાવે છે.

આ આવાસ-સમૂહ તેની રંગ-વ્યવસ્થાને કારણે વધુ ચર્ચામાં છે. આકર્ષક રંગોને કારણે વનરાજી સાથે ઊભો થતો વિરોધાભાસ, સાથે સાથે 'પેસ્ટલ કલર' કહી શકાય તેવા પ્રાકૃતિક જણાતા રંગોનો વ્યૂહાત્મક ઉપયોગ, સ્થાનિક આબોહવા પ્રમાણે નિર્ધારિત થતા આકાશના રંગ સાથે વિશેષ પ્રકારનો સંવાદ સ્થાપિત થઈ શકે તે મુજબ મકાનના ઉપરના ભાગનું રંગ-આયોજન, રંગોમાં ભિન્નતા તેમજ વિવિધતા હોવા છતાં સ્થાપિત થતી સાતત્યતાની અનુભૂતિ, રંગો થકી નાની નાની વાતોને અપાયેલું મહત્ત્વ, સમગ્ર રંગ-વ્યવસ્થાથી ઊભરતો એકત્વનો ભાવ, રંગની પસંદગી સાથે સંકળાયેલી કેટલીક પરંપરાગત વાતો, સમગ્રતામાં સ્થાપિત થતી એક પ્રકારની રંગીન જીવંતતા, ક્યાંક સામાન્ય જણાઈ શકે તે પ્રકારની રચનામાં પણ રંગ દ્વારા લાવવામાં આવેલ સમૃદ્ધ અનુભૂતિ તથા સમગ્ર રચનાને રંગ સાથે એક વિશેષ પ્રકારનો અર્થ આપવાનો કરાયેલો પ્રયત્ન — આ બાબતો આ મકાનને વધુ ઉલ્લેખનીય બનાવે છે.

એમ કહેવાય છે કે આ આવાસ-સમૂહની રચનામાં ગ્રીક પરંપરાના ભૌમિતિક ક્રૉસની આકૃતિનું અનુસરણ કરાયું છે. આ ક્રૉસની ગોઠવણથી બે પ્રકારનાં સ્થાન નિર્ધારિત થાય છે. એક, એ પ્રકારનાં સ્થાન જે એક જ ક્રૉસમાં આવે અને બીજાં એ પ્રકારનાં સ્થાન કે જે બે ક્રૉસમાં આવે. બે ક્રૉસમાં આવનાર સ્થાનનો ઉપયોગ સામાન્ય કહી

શકાય તે પ્રકારની ઉપયોગિતા માટે કરાયો છે જ્યારે જે સ્થાન એક જ ક્રૉસમાં આવે તેમાં ગોપનીયતા મળવાની સંભાવના વધુ હોવાથી તેનો ઉપયોગ, જ્યાં પ્રમાણમાં કૌટુંબિક ગોપનીયતાની આવશ્યકતા હોય, ત્યાં થયો છે. થોડું ઊંડાણમાં જોતાં જણાશે કે આ રચના ચોક્કસ પ્રકારના સિદ્ધાંતોને અનુસરે છે. ક્યાંક આ સિદ્ધાંત ભૌમિતિક છે તો ક્યાંક રંગ આધારિત. ક્યાંક આ સિદ્ધાંત પ્રમાણમાપ આધારિત છે તો ક્યાંક સ્થાનિક વિગતિકરણના નિયમોને આધારિત. અહીં કોઈ પણ સિદ્ધાંત સાથે બાંધછોડ કરાઈ નથી, પરંતુ તે સિદ્ધાંત વધુ દઢ બને તે રીતે તેનું ડિટેઇલિંગ કરાયું છે. આ પ્રકારના અભિગમને કારણે આ સમગ્ર રચનામાં એક પ્રકારની સ્પષ્ટતા છે, ચોકસાઈ છે, નિયમબદ્ધ કલ્પન છે, સરળ છે અને છતાં પણ રસપ્રદ છે.

આ એક સરળ, સ્પષ્ટ, દંભ વિનાની, જરૂરિયાત મુજબની, માનવીય ભાવનાઓ અનુસારની, ક્યાંક નાટકીયતા હોવા છતાં જટિલતા વિનાની, વિશ્વાસથી ભરપૂર, કોઈ પણ સામાન્ય વ્યક્તિ સરળતાથી - ઉત્સાહપૂર્વક સ્વીકારી લે તે પ્રકારની રચના છે. અહીં માનવીની પ્રાથમિક લાગણીઓને સંવેદનાપૂર્વક તેમજ રચનાત્મકતાથી સકારાત્મક પ્રતિભાવ અપાયો છે. તેથી જ આજે ૫૦ વર્ષ પછી પણ તેનું આકર્ષણ એટલું જ છે.


## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમતગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. જો તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481

Bank Name : Bank Of Baroda, Usmanpura Branch

IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

# અંધકારમાં પ્રકાશ ફેલાવતી મીણબત્તી



પ્રીતિ શાહ



મીરા ટેરેસા ગાંધી

મીરા ટેરેસા ગાંધીનો જન્મ મુંબઈમાં થયો હતો. આયરીશ માતા અને ભારતીય પિતાએ મીરાને શ્રેષ્ઠ શિક્ષણ મળે તે માટે સતત પ્રયત્ન કર્યો, કારણ કે તેઓ માનતા હતા કે સફળ અને સુખી જીવન માટે શિક્ષણ મહત્ત્વની અને મૂળભૂત બાબત છે. બે સંસ્કૃતિ વચ્ચે મોટી થયેલી મીરા જુદા પરિપ્રેક્ષ્યથી વિશ્વને જોતી થઈ. મુંબઈની કેથેડ્રલ ઍન્ડ જહૉન કેનન સ્કૂલમાં અભ્યાસ કરતી મીરા જ્યારે સોળ વર્ષની હતી, ત્યારે આશાદાનમાં - જે મધર ટેરેસાએ સ્થાપી અને મિશનરીઝ ઑફ ચૅરિટી દ્વારા ચલાવવામાં આવે છે ત્યાં - બાળકોને નૃત્ય શીખવવા જતી હતી. સવારે બસમાં ભાયખલા જતી અને ત્યાં તરછોડાયેલાં, અનાથ અને એચઆઈવી પૉઝિટિવ બાળકોને નૃત્ય શીખવતી અને તેમની સાથે આનંદભેર રમતી. અહીં નાની વસ્તુ મળતાં બાળકોના નિર્દોષ ચહેરા આનંદથી ખીલી ઊઠતા. આ જોઈને મીરાને આ પ્રવૃત્તિમાં આનંદ આવવા લાગ્યો. તેણે અનુભવ્યું કે આપવામાં કેટલો બધો આનંદ મળે છે ! એને સમજાયું કે અન્યના જીવનને સારું બનાવવા માટે જે કંઈ આપીએ છીએ, એના કરતાં મળે છે વધુ. મધર ટેરેસા સાથે અને તે બાળકો સાથે કામ કરવામાં આપવા કરતાં વિશેષ તેણે મેળવ્યું અને આ અનુભવે એને આંતરિક રીતે સમૃદ્ધ બનાવી. તેનાં હાઈસ્કૂલનાં છેલ્લાં બે વર્ષ મીરાની માતાએ આશાદાન જવા અને મધર ટેરેસા સાથે કામ કરવા સતત પ્રોત્સાહિત કરી. તેને સમજાયું કે સાચું શિક્ષણ માત્ર પુસ્તકોથી મળતું નથી, પરંતુ અનુભવથી અને વાસ્તવિક જીવનના સંજોગો અને સમસ્યાઓમાંથી મળે છે. મુંબઈમાં હાઈસ્કૂલ સુધીનું શિક્ષણ મેળવ્યા પછી કૅનેડા ગઈ અને ત્યાંથી પાછા આવીને દિલ્હી યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રના વિષય સાથે સ્નાતકની ડિગ્રી મેળવી. તેના સ્કૂલના સહાધ્યાયી વિક્રમ ગાંધી સાથે લગ્ન કરીને તેઓ અમેરિકા ગયાં. ત્યાં બોસ્ટન યુનિવર્સિટી સ્કૂલ ઑફ મૅનેજમેન્ટમાંથી એમ.બી.એ.નો અને ૨૦૦૭માં હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાં એક્ઝિક્યુટિવ એજ્યુકેશન પ્રોગ્રામનો અભ્યાસ પૂરો કર્યો. પતિની નોકરીને કારણે તેઓ હૉંગકૉંગ સ્થાયી થયાં. ત્રણ બાળકો સાથે અત્યંત સુખી જીવન વિતાવતી મીરા એક દિવસ ડ્રાઈવર સાથેની બીએમડબલ્યુમાં શૉપિંગ કરીને ઘરે આવી, પરંતુ કોણ જાણે કેમ અંદરના ખાલીપાએ એને બેચેન બનાવી દીધી અને તે રડવા લાગી. ત્રણ કલાક સુધી રડી. પતિએ કારણ પૂછતાં જણાવ્યું કે તેને એવું લાગે છે કે તે જીવનમાં કંઈ કરી રહી નથી. કીમતી જીવન વેડફી રહી છે.

બંનેએ એક ફાઉન્ડેશનની સ્થાપના કરવાનો વિચાર કર્યો. બે અઠવાડિયાંમાં ન્યૂયૉર્ક જઈને ૨૦૧૦માં 'ધ ગિવિંગ બૅક ફાઉન્ડેશન'ની સ્થાપના કરી. મીરાને સતત એવું લાગતું હતું કે તેણે તેના શિક્ષણનો, તેની શક્તિનો ઉપયોગ કરવો જોઈએ. આ ફાઉન્ડેશનનો હેતુ ગરીબ, માંદાં, ભૂખ્યાં, શોષિત બાળકો, વિધવાઓ, બહેરા-મૂંગા લોકોના જીવનધોરણમાં સુધારો લાવવાનો છે. નાનપણથી જ માતા-પિતાએ જે શિક્ષણનું મહત્ત્વ સમજાવ્યું તેને લઈને તેણે ફાઉન્ડેશન દ્વારા દિલ્હીની સેન્ટ માઈકલ સ્કૂલને દત્તક લીધી. દસ વર્ષના આ પ્રોજેક્ટમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સ્કૂલનું મેદાન, શિક્ષણની સામગ્રી, હૉસ્ટેલ અને ભોજનનો સમાવેશ કર્યો. મીરા ગાંધી માને છે કે દુઃખી કે ભૂખ્યાં બાળકો શિક્ષણ મેળવી શકે નહીં, તેથી પહેલાં તેમની પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરવી જોઈએ. શિક્ષણ દ્વારા સશક્તીકરણ, જીવનમાં સકારાત્મક અને માનસિક સ્વાસ્થ્યની જાળવણીના ઉદ્દેશો સાથે આ ફાઉન્ડેશન કામ કરે છે. આ ફાઉન્ડેશન ત્રણ રીતે કામ કરે છે – જે પ્રોજેક્ટ લે તેને યોગ્ય રીતે જાળવવો. બીજું કામ ફંડ ઊભું કરવાનું છે, જ્યારે ત્રીજું કામ ભવિષ્યના પ્રોજેક્ટ માટે વિચારવાનું હોય છે, કારણ કે તેમને રોજના ચારસોથી પાંચસો ઈ-મેઇલ મળે છે. તેમાંથી જે તેમનાથી થઈ શકે તેમ હોય તે કરે છે. અન્યમાં માર્ગદર્શન આપે છે. સારા નેતૃત્વના ગુણ તરીકે તેઓ કહે છે કે જે કામ મારાથી ન થઈ શકે તે કામ કરવા અન્યને ક્યારેય કહેવું ન જોઈએ. તેઓ માને છે કે દરેક પ્રશ્નોના ઉત્તર વ્યક્તિના ભીતરમાં જ છે. સાત્ત્વિક ભોજન, નિરાંતની ઊંઘ અને તણાવ વિનાનું જીવન માનવીની જિંદગીમાં સંવાદિતા લાવે છે.

ધ ગિવિંગ બૅક ફાઉન્ડેશનની મુખ્ય ઑફિસ ન્યૂયૉર્કમાં છે, પરંતુ ભારત, લંડન, હૉંગકૉંગમાં તે કામ કરે છે. તેમને હીલેરી ક્લિન્ટન, ચેરી બ્લેર ફાઉન્ડેશન ફૉર વિમેન અને એલેનોર રૂઝવેલ્ટ લીડરશિપ સેન્ટર વગેરે અનેક વ્યક્તિ અને સંસ્થાનો સહયોગ મળ્યો છે. ફાઉન્ડેશને 'ગિવિંગ બૅક' નામની ડૉક્યુમેન્ટરી અને કૉફી ટેબલ બુક બનાવી છે. તેમણે ગિવિંગ કૅન્ડલ અને ગિવિંગ ફ્રેગરન્સ શરૂ કર્યા છે. અંધકારમાં પ્રકાશ ફેલાવતી મીણબત્તી આશાનું પ્રતીક છે. જાસ્મીન અને લેવેન્ડર પરફ્યુમ સુગંધ ફેલાવે છે. આ બધામાંથી થતી આવક દાનમાં જ આપવામાં આવે છે. ૨૦૧૨માં 'ગિવિંગ બૅક' પુસ્તક લખનાર મીરા ગાંધીએ થોડા સમય પહેલાં 'થ્રી ટીપ્સ : ધ એસેન્શિયલ ફૉર પીસ, જોય ઍન્ડ સક્સેસ' નામનું પુસ્તક લખ્યું છે. તેમના ત્રીસ વર્ષના લગ્નજીવન પછી છૂટાછેડા થયા છે, પરંતુ તેઓ માને છે કે આ સુંદર વિશ્વ પર તમારે એક ક્ષણ પણ બગાડ્યા વિના તમારાં સ્વપ્નાં પૂરાં કરવાં જોઈએ. દરિયામાં મોજાં આવે અને જાય, તેમ જીવનમાં બનતી ઘટનાઓનું એવું જ છે. જીવનમાં એવી કોઈ વ્યક્તિને તેઓ મળ્યાં નથી કે જેમણે કોઈ લક્ષ્ય હાંસલ કરવાનું ધ્યેય રાખ્યું અને સખત પુરુષાર્થ ન કર્યો હોય. આરામથી જીવન જીવતી વ્યક્તિઓ જીવનમાં કંઈ હાંસલ કરી શકતી નથી. ન્યૂયૉર્કના એલેના રૂઝવેલ્ટના ઘરમાં રહેતાં મીરા ગાંધી પોતાના જીવનમાં મળેલી શાંતિ, આનંદ અને સફળતા કોઈ ને કોઈ રીતે અન્ય લોકો પણ તે અનુભવે તેવો પ્રયાસ કરે છે. તેની અંતરની ઇચ્છા છે કે આ વિશ્વ વધુ સુખી અને શાંતિમય જગ્યા બને.


# બહુઆયામી સંશોધક



પ્રવીણચંદ્ર પરીખ

યશસ્વી અધિકારી, અનેક સંશોધન-સંસ્થાઓના સ્થાપક, લેખક અને પત્રકાર. જન્મ વડોદરામાં ૯ નવેમ્બર, ૧૮૮૮ના રોજ. મૂળ વતન અમદાવાદના પ્રસિદ્ધ શોધન કુટુંબમાં. પિતા ગોવિંદલાલ અને માતા રુક્ષ્મણિબહેન. ગોવિંદલાલને ૧૧ સંતાનોમાં આઠ દીકરા અને ત્રણ દીકરી. પોપટલાલ નવમા ક્રમે જન્મેલા. એમનું પ્રાથમિક શિક્ષણ વડોદરા અને અમદાવાદમાં થયું. અમદાવાદની ન્યૂ હાઈસ્કૂલમાંથી ૧૯૦૨માં મૅટ્રિક થયા. એ પહેલાં ૧૯૦૦માં તેરમે વર્ષે લલિતા સાથે લગ્ન થયાં. ઉચ્ચશિક્ષણ માટે વડોદરામાં મૂકતાં લગ્નને કારણે ભણતર બગડે એવા ખ્યાલથી વડોદરાને બદલે મુંબઈમાં વિલ્સન કૉલેજમાં દાખલ કર્યા. ૧૯૦૫-૧૯૦૯ દરમિયાન પૂરી લગનથી વિજ્ઞાનશાખાની બી.એસસી.ની ડિગ્રી પ્રથમ વર્ગમાં મેળવી. ભૌતિક અને રસાયણશાસ્ત્રના વિષયમાં મુંબઈ યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને આવતાં 'નારાયણ વાસુદેવ શિષ્યવૃત્તિ' મળી. ઈતિહાસ અને અર્થશાસ્ત્ર વિષયમાં વિશેષ ગુણવત્તાને લઈને 'જેમ્સ ટેલર પારિતોષિક' મળ્યું. વિલ્સન કૉલેજમાં રસાયણશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે ત્રણ વર્ષ (૧૯૦૯-૧૧) કામ કર્યું. દરમિયાનમાં ૧૯૧૧માં એમ.એ. થયા. કૉલેજમાંથી માસિક રૂ. ૭૫ની 'દક્ષિણા ફેલોશિપ' મળતાં મુંબઈમાં કાંદાવાડીમાં ભાડે રૂમ રાખી પત્નીને તેડાવી લીધી. આ અરસામાં લાહોરની 'ફૉર્મન ક્રિશ્ચિયન કૉલેજ'માં રસાયણશાસ્ત્રના અધ્યાપક તરીકે નિમાતાં ૧૯૧૧-૧૯૧૪ દરમિયાન સેવાઓ આપી. અહીં વાંચન-લેખનનો શોખ વધતાં 'વેલ્થ ઑફ ઈન્ડિયા' અને 'મૉડર્ન રિવ્યૂ'માં એમના વિજ્ઞાનને લગતા લેખો અંગ્રેજીમાં છપાવા લાગ્યા. દરમિયાનમાં ત્રણ માસ માટે બૅંગાલુરુની ટાટા ઈન્સ્ટિટ્યૂટમાં સંશોધન અર્થે રોકાતાં ત્યાં ડૉ. કાંતિલાલ છગનલાલ પંડ્યાના ઘનિષ્ઠ પરિચયમાં આવ્યા અને બંને મિત્રોએ ગુજરાતીમાં વિજ્ઞાનને લગતું સાહિત્ય ખીલવવાનો દૃઢ સંકલ્પ કર્યો.

શ્રી પોપટલાલ ગો. શાહની સરકારી અધિકારી તરીકેની કામગીરી ૧૯૧૪થી આરંભાઈ. તેમણે ઑડિટ ઍન્ડ એકાઉન્ટ સર્વિસની પરીક્ષા પાસ કરી. IAAS થયા પછી મુંબઈમાં તેમની આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટના હોદ્દા પર નિમણૂક થઈ. ૩૦ વર્ષ સુધી જુદા જુદા પ્રાંતોમાં બદલી થતાં પૂરો અનુભવ મેળવી છેલ્લાં ચાર વર્ષ મુંબઈના એકાઉન્ટન્ટ જનરલનો માનવંતો હોદ્દો ભોગવી ૧૯૪૩માં નિવૃત્ત થયા. તેમની સેવાઓની કદર રૂપે એમને બ્રિટિશ સરકાર તરફથી CIE(કંપેનિયન ઑફ ધી ઑર્ડર ઑફ ઈન્ડિયન એમ્પાયર)નો ખિતાબ અપાયો. આ ખિતાબનો દરજ્જો 'નાઈટહુડ' અને 'સર' પછીના ત્રીજા ક્રમનો ગણાતો. નિવૃત્ત થયા પછી દિલ્હીની કેન્દ્ર સરકારમાં 'કંટ્રોલર ઑફ એકાઉન્ટ્સ'ના હોદ્દા પર ચાર વર્ષ સેવા આપી, ૧૯૪૭માં આઝાદી પછી મુંબઈ રાજ્યના પુરવઠાખાતાના જૉઈન્ટ સેક્રેટરી તરીકે, પબ્લિક સર્વિસ કમિશનના સભ્ય તરીકે અને બાદમાં એના વડા તરીકે તેમજ સૌરાષ્ટ્ર પબ્લિક સર્વિસ



શ્રી પોપટલાલ ગો. શાહ

કમિશનના અધ્યક્ષ તરીકે કામ કર્યું. ઈ. સ. ૧૯૫૨માં તમામ સરકારી કામોમાંથી નિવૃત્તિ લીધી. ૧૯૫૩માં ‘બૅકવર્ડ ક્લાસીઝ કમિશન’ના ચૅરમૅન તરીકે નિમાયા અને એમણે આપેલી ૧૯૫૩થી ૫૬ સુધીની સેવાઓ દરમિયાન પછાત વર્ગોના ઉત્કર્ષ માટે ઘણાં મહત્ત્વનાં સૂચનો કરેલાં.

સરકારી નોકરી અને તદ્ સંબંધી સેવાઓ ઉપરાંત સામાજિક અને વિદ્યા-વિસ્તારને ક્ષેત્રે મહત્ત્વની કામગીરી આરંભી. મુંબઈના ખાર વિસ્તારમાં ૧૯૧૮માં સૌપ્રથમ સહકારી ઘરમંડળી(કો-ઑ. હાઉસિંગ સોસાયટી)ની સ્થાપનાની પહેલ કરી. એના ઉપક્રમે ‘લલિતકુંજ’ નામનો બંગલો બાંધ્યો જેમાં સાહિત્ય, વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનના વિષયોને લગતું સમૃદ્ધ પુસ્તકાલય વસાવ્યું. પોપટલાલ ‘ગૉલ્ફ’ની રમતના શોખીન હતા અને પશ્ચિમ મુંબઈમાં ‘ગૉલ્ફ કોર્સ’ ધરાવતી વિલિંગ્ડન ક્લબના સ્થાપક હતા. પશ્ચિમ મુંબઈની રોટરી ક્લબની સ્થાપના પણ એમણે કરી હતી.

પોપટલાલે ૧૯૩૫માં સમગ્ર યુરોપનો પ્રવાસ કર્યો. આ પ્રવાસ દરમિયાન એમને ત્યાંની સંશોધનમાં પરોવાયેલી સંસ્થાઓ પ્રત્યે વિશેષ રસ પડ્યો. ભારતમાં પણ આવી સંસ્થા સ્થાપવાની પ્રેરણા થઈ અને વિજ્ઞાનને લગતું સંશોધન કરવાના મુખ્ય ઉદ્દેશ્યથી તેમણે ૧૯૩૬માં મુંબઈમાં ‘ગુજરાત રિસર્ચ સોસાયટી’ની સ્થાપના કરી અને ૧૯૩૭માં તેનું રજિસ્ટ્રેશન પણ કરાવ્યું. સોસાયટીના પહેલા પ્રમુખ ન્યાયમૂર્તિ સર હરસિદ્ધભાઈ દિવેટિયા અને જનરલ સેક્રેટરી તરીકે પ્રો. સી. એન. વકીલ હતા, જ્યારે પોપટલાલ એના કોષાધ્યક્ષ હતા. તે પછી સમય જતાં પોપટલાલ સંસ્થાના ઉપપ્રમુખ અને છેલ્લે એના પ્રમુખ થયા. આ સોસાયટી સ્થાપવાનો મૂળ ઉદ્દેશ ગુજરાતમાં ધર્મ સિવાયના અન્ય વિષયો પર સંશોધન કરાવી પત્રિકાઓ, પુસ્તકો તેમજ પુસ્તિકાઓ, અંગ્રેજી, ગુજરાતી અને જરૂર પડે હિંદીના લેખો સમાવેશ પામે તેવી સંશોધન-પત્રિકા નિયમિતપણે પ્રકાશિત કરવાનો હતો. આ પ્રયોજન પરત્વે એમણે ૧૯૩૮માં સોસાયટીના મુખપત્રનો ત્રૈમાસિક રૂપે આરંભ કર્યો અને એમના સંપાદન હેઠળ એ જ વર્ષે ‘ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક’ એ ગુજરાતી નામ અને અંગ્રેજીમાં ‘Journal of Gujarat Research Society’ના નામથી પ્રગટ થયું. પત્રિકાને સાહિત્ય, કવિતા, રાજકારણ અને ધાર્મિક વિવાદોથી વિમુખ રાખીને સ્ત્રીઓ, બાળકોનાં આરોગ્ય વગેરે ઉપરાંત પુરાતત્ત્વવિદ્યા અને ઈતિહાસ તથા સંસ્કૃતિને લગતાં સંશોધનોને ઉત્તેજન અને પ્રકાશનને અભિમુખ રાખવામાં આજ દિન સુધી સફળ રહેલ છે. આ પત્રિકામાં મુખ્યત્વે અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં લેખો છપાય એવું ધોરણ રાખવા છતાં ક્યારેક હિંદી અને સંસ્કૃત ભાષા અને નાગરી લિપિમાં પણ લેખો છપાયા છે. આ પત્રિકામાં કેટલીક વિરલ સામગ્રી પ્રગટ થઈ છે જેમાં ગુજરાતના પુરાતત્ત્વના આદ્ય પિતામહ શ્રી ભગવાનલાલ ઈન્દ્રજીના પત્રોનું પ્રકાશન ખાસ નોંધપાત્ર છે. સમય

જતાં શ્રી ભગવાનલાલ ઇન્દ્રજી સ્મૃતિગ્રંથનું પ્રકાશન કરી એમણે પુરાવસ્તુવિદ્યાના એ કર્મઠ ઋષિને યોગ્ય અંજલિ આપી છે.

ગુજરાત સંશોધન મંડળની પત્રિકાનું એકધારું ૩૧ વર્ષ સુધી સંપાદન કરનાર અને ગુજરાતમાં વિજ્ઞાન અને નૃવંશવિદ્યાને ક્ષેત્રે મહત્ત્વનું સંશોધન કરનાર શ્રી પોપટલાલ ગુજરાતની બહુમુખી પ્રતિભાઓ પૈકીના એક છે. એમણે લખેલું 'વિજ્ઞાનવિચાર' નામનું ગુજરાતી પુસ્તક બૉમ્બે યુનિવર્સિટીએ ઇન્ટર સાયન્સમાં ભણાવવા માટેના પાઠ્યપુસ્તક તરીકે પસંદ કર્યું હતું. એમણે લખેલાં પુસ્તકોમાં 'વિજ્ઞાનવિચાર' (૧૯૨૬) ઉપરાંત 'વિજ્ઞાનવિનોદ' (૧૯૨૬), 'વૈજ્ઞાનિક શબ્દસંગ્રહ' (૧૯૩૭, ૧૯૪૯), 'વિજ્ઞાનવિહાર' (૧૯૬૬) અને 'આરોગ્ય અને ખોરાક' (૧૯૪૩) વિજ્ઞાનને લગતાં પુસ્તકો છે.

૧૯૩૭માં ઠક્કરબાપાના સંપર્કમાં આવ્યા પછી એમને ગુજરાતની પછાત અને વિમુક્ત જાતિઓ પરત્વે નૃવંશવિદ્યાની રીતે અધ્યયન-સંશોધન અને લેખનમાં રસ પડ્યો. એના ઉપક્રમે એમણે અંગ્રેજીમાં 'Tribal Life in Gujarat' (૧૯૬૪), 'Dublas' (૧૯૫૮), 'Denotified Communities in Western India' (પશ્ચિમ ભારતની વિમુક્ત જાતિઓ), 'Ethanic History of Gujarat'(૧૯૬૯) પુસ્તકો પ્રકાશિત કર્યાં.

મુંબઈમાં સંશોધન મંડળનું ખારમાં ૧૯૬૧માં રામકૃષ્ણ માર્ગ પર આલીશાન મકાન અને હૉલ બાંધવામાં આવ્યાં જેમાં બી.એડ્. કૉલેજ શરૂ કરવામાં આવી. સાથોસાથ સમાજશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર, મનોવિજ્ઞાનને લગતાં સંશોધન ઉપરાંત ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાઇલ્ડ ગાઇડન્સ ક્લિનિક, ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ મેડિસિન ઍન્ડ હેલ્થ, સોશિયલ સાયન્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ વગેરે પ્રકારની પેટા સંસ્થાઓ સ્થાપવામાં આવી. જૂના મુંબઈ રાજ્યમાંથી મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્ય જુદાં પડતાં અમદાવાદમાં ૧૨ માર્ચ, ૧૯૬૧ના રોજ સંસ્થાની ગુજરાત શાખા શરૂ કરવામાં આવી અને ધીમે ધીમે આ શાખાએ પત્રિકાના પ્રકાશનની જવાબદારી ઉઠાવી લીધી.

શ્રી કનૈયાલાલ મુનશી સાહિત્ય પરિષદનું સુકાન સંભાળતા હતા ત્યારે પોપટલાલ ઘણા સમય સુધી એમના સહાયક રહ્યા. પરિષદનાં સંખ્યાબંધ અધિવેશનોમાં એમણે નોંધપાત્ર સેવાઓ આપી હતી. ૧૯૩૬ના અમદાવાદ અધિવેશનમાં તેઓ વિજ્ઞાન વિભાગ અને ૧૯૬૫ના સૂરત અધિવેશનમાં સમાજવિદ્યા વિભાગના પ્રમુખ હતા. ગુજરાત-મુંબઈના આ બહુમુખી વિરલ વ્યક્તિત્વ અને કૃતિત્વ ધરાવનાર વિદ્વાન ૧૩ જાન્યુઆરી, ૧૯૬૯ના રોજ ૮૧ વર્ષની વયે મુંબઈ મુકામે અવસાન પામ્યા.

બહુમુખી અને બહુઆયામી પ્રવૃત્તિઓને લઈને તેમનું વ્યક્તિત્વ વહેંચાયેલું રહ્યું. આથી એમને લેખક કે સંશોધક તરીકે જોઈએ એવું સન્માન મળ્યું નહીં. અલબત્ત, મુંબઈમાં ગુજરાત રિસર્ચ સોસાયટીનો એમણે કરેલ બહુઆયામી વિકાસ અને સંસ્થા તરફથી પ્રકાશિત થતી પત્રિકા દ્વારા એમની સ્મૃતિ અવિરત રહી છે તે સ્તુત્ય છે. શ્રી શૈલેશભાઈ પારેખ અને તેમના પરિવારજનો દ્વારા વિજ્ઞાનવિષયક વ્યાખ્યાન માટે વિશ્વકોશને સહયોગ આપવામાં આવ્યો છે. હવે પ્રતિવર્ષ એમની સ્મૃતિમાં વિજ્ઞાનવિષયક વ્યાખ્યાન યોજાશે.


# 'પાતાળ ભુવનેશ્વર' ગુફા મંદિર



સુધા ભટ્ટ

આપણા શબ્દકોશમાં સમાયેલા સંસ્કૃતિ, સંસ્કાર, કળા, વારસો, ધર્મ, પ્રવાસ આદિ શબ્દો તેમના વિસ્તૃત અર્થ સાથે પ્રત્યેક ભારતીયની રગેરગમાં લોહીમાં ભળી જઈને વહે છે. કવચિત્ એ શબ્દો અલગ છતાં એકમેકના પર્યાય સમ બની જાય ત્યારે એ વિશેષણ બની જાય અને એનું મહત્ત્વ વધી જાય. વિવિધ કળાઓના પ્રેમમાં પડેલા માનવીને કુદરતી કળાનું પણ અનેરું આકર્ષણ હોય છે. પ્રાકૃતિક તત્ત્વોમાં સમાયેલ કળાને જોઈ મુખેથી સરી પડે...'યહ કૌન કલાકાર હૈ...' નિસર્ગની કળા નીરખીને નિઃશબ્દ બની જવાય ! ઝરણાં, નદી, સરવર, સાગરના સળવળાટ અને રમ્ય-રૌદ્ર ધ્વનિથી આકર્ષાતો માનવી વન-ઉપવન, રેતી, પાષાણ અને આકાશી તત્ત્વોને જોઈને પણ ધન્ય થઈ જાય ! પર્વતની કાયા પરના આડા-ઊભા આંકા એની ભાત થઈ જાય અને એ જ્યારે એક ઉપર એક ગોઠવાતા લાગે તો પડ ઉપર પડમાં આખોય ઈતિહાસ વણાઈ જાય. એ સૂકાં પડ વહેણ જેવાં ભાસે. બખોલમાં ઝરૂખાનો આભાસ થાય અને પ્રકૃતિરાણીનાં દર્શન થાય. લાગે છે ને કોઈ સ્થાપત્ય જેવું ? આવી જ એક પ્રાકૃતિક રચનાને રચનાર ગેબી શક્તિને સાષ્ટાંગ દંડવત્ કરીને ઊપડીએ ઉત્તર ભારતના ઉત્તરાખંડ રાજ્યના જિલ્લા પિથોરાગઢે. ત્યાંથી એકાણું કિલોમીટરે ગંગોલી હાટ નામનું ગામ અને ત્યાંથી માત્ર ચૌદ કિલોમીટરે આવેલ નાનકડું અમથું ગામડું ભુવનેશ્વર કેવી રીતે શ્વસે છે તે જોઈએ.

ભુવનેશ્વર ગામે 'પાતાળ ભુવનેશ્વર' નામે મહાદેવનું એક મંદિર છે. આસ્તિકોને આકર્ષતી, કલાપ્રેમીઓને 'કૉલ' આપતી એવી ખાસ વાત એ છે કે જમીનની નીચે નેવું ફૂટના ઊંડાણમાં શિવપરિવારનાં થાણાં છે. એકસો સાઠ મીટર લાંબી ચૂનાના રેતિયા પથ્થરની એ એવી ગુફા છે જેમાં અનેક ગુફાઓ શ્રેણીબદ્ધ દેખાય. સતત જળપ્રવાહથી સર્જિત આ ગુફામાં પહોંચવા માટે સાંકડી ટનલ જેવા પ્રવેશદ્વારથી પ્રવેશવું પડે. પ્રવેશદ્વાર સુધ્ધાં જળપ્લાવિત છે. પ્રવેશે જ ખડકોનાં અદ્ભુત રેખાંકનો દૃષ્ટિગોચર થવા પામે. વૈવિધ્યસભર દર્શનીય એ રચનામાં મા પ્રકૃતિએ મહેર કરી છે. ગુફાની છતમાંથી ભોંય તરફ લટકતા ચૂનાના ખડકોના અણિયાળા ટુકડા લટકતા હોય એવા ભાસે, તો વળી ભીની ભોંય પરથી આવા જ અણિયાળા પાષાણ જાણે ઊગી ન નીકળ્યા હોય એવા ટટ્ટાર - ઉન્મુખ લાગે. ક્યારે એ બંને પ્રકારના પાષાણ ભેગા થશે એવી લાગણી થાય ! ખનિજ દ્રવ્યોથી ભરપૂર - સમૃદ્ધ જલશિકરોને કારણે આવાં અતિ સૌંદર્યયુક્ત દૃશ્યો ઊભાં થાય. ભારતભરમાં આવું એકમેવ મંદિર કુદરત નામના આર્કિટેક્ટ(સ્થપતિ)ની કમાલનું નજરાણું છે. ગુફા સ્વરૂપના આ મંદિરને 'સ્વયંભૂ'નું ઉપનામ મળ્યું છે. સૌપ્રથમ ત્રેતા યુગમાં, બાદમાં દ્વાપર યુગમાં અને પછી કલિયુગમાં ક્રમશઃ પ્રકાશમાં આવ્યા પછી આદિ શંકરાચાર્યજીએ એને ઈ. સ. ૧૧૯૧માં ભાવકોને



માટે ખુલ્લું મૂક્યું હતું. બ્યાશી પગથિયાં, અંધારું અને સતત જળપ્રવાહની સામે રક્ષણ માટે પછી તો લાઇટ, પગથિયાં અને લોખંડની સાંકળના આધારની વ્યવસ્થા કરાઈ અને નિયમિત પૂજા-અર્ચના સારુ પૂજારી પરિવાર પ્રવૃત્ત કરાયો. સ્કંદપુરાણમાં પણ આ મંદિરનો ઉલ્લેખ હોવાનું કહેવાય છે.

આ અજોડ - અનેરા પાતાળ ભુવનેશ્વર મંદિરમાં જગતી, કુંભી, સ્તંભો, મંડપ, ગર્ભગૃહ, છત અને શિખર જેવી માનવસર્જિત રચનાઓ નથી, પરંતુ સતત પ્રકૃતિ દેવીએ પોતાનો જાદુ પાથરી પાષાણને અનેક આકારો આપી એને શ્રદ્ધાસ્થળમાં ફેરવ્યા છે. અહીં છે...ક નેવું ફૂટે શિવલિંગ, થાળું, જળધારા, શિવદરબાર, ગણેશજી સહિત તેત્રીસ કરોડ દેવતા અહીં બિરાજે છે તેવી માન્યતા છે. તેમનાં પાષાણ શિલ્પોનાં દર્શન થાય છે. શિલારૂપી બ્રહ્મકમળની સેંકડો પ્રકૃતિઓ પાષાણમાં કંડારાયેલી જોવા મળે. માત્ર હિમાલયમાં જ થતાં આ પુષ્પો પીળી ઝાંયવાળાં શ્વેત રંગનાં હોય છે જે ઉત્તરાખંડનાં રાજ્યપુષ્પનો દરજ્જો ધરાવે છે. અહીં સતત જળછંટકાવથી આ રચના સર્જાતી જાય છે અને એની ઉપર પણ પાછો અભિષેક ! આ મંદિરના દ્વાર પર ભગવાન વિશ્વકર્માનો એક જળકુંડ કોતરી કાઢેલો તે છે અહીં. એની કોતરણી અને નકશી સાક્ષી આપે છે કે પથ્થર ઉપર કોતરણી કરવા માટેના અનેક પર્યાય અહીં ઉપલબ્ધ હતા. ભૂગર્ભ જલ સંશોધન સાહિત્યમાં આ પર્યાયની વિસ્તૃત ચર્ચા પણ છે. અહીં દરેક બખોલમાં ચૈત્યનું ચેતન વરતાય. મંદિરપ્રવેશદ્વારને આ સ્થળે 'ધર્મદ્વાર' કહેવાય છે કારણ કે જમીન નીચે હોવા છતાં એનો માર્ગ તો ઉન્નત શિખરે પહોંચેલો છે - આધ્યાત્મિક મૂલ્યના આધારે ! ઋતુના વલણ અનુસાર આ કુદરતી સ્થાપત્ય અને શિલ્પનો નઝારો મળે. ક્વચિત્ ત્યાં સુધી પહોંચેલા રસિકો નીચે ન ઊતરી શકે એવા


કુદરતી સંજોગો થાય તો એમને માટે ચિત્રસભર માહિતી ઉપલબ્ધ છે. પથ્થરની પશ્ચાદ્ભૂ પર શિલ્પો ઉપરાંત શંખ, ફળ, ફૂલ, પાન વગેરેની આકૃતિઓ પણ જોવા મળે. ચોમેર ખડકો વચ્ચે નાનો ચોરસ કુંડ દેખાય. પથ્થરના સફેદ, લીલા (લીલને કારણે), પીળા, કથ્થઈ, કેસરી, વાદળી ઝાંયના ઓછાયાનાં પ્રતિબિંબ પાણીમાં દેખાય. લપસણા પથ્થરોમાં આવું અગાધ સૌંદર્ય આપણી કલાબાજ કુદરત કરાવીને એની સૃષ્ટિનું દર્શન કરાવે છે. પૌરાણિક માન્યતાઓ અને દંતકથાઓ તો શેષનાગની વાત કરે છે પણ અહીં એની છાપ પણ પાષાણ પર દેખાય છે.

કહેવાય છે કે ભૂગર્ભ મંદિરનાય ભૂગર્ભમાંથી કૈલાસ પર્વત, ચારધામ, કાશી, વૃંદાવન આદિ સ્થળે જવાનો રસ્તો મળે. ખેર ! આ અલૌકિક, રહસ્યમય, અદ્ભુત રચના ત્રિલોકની ઝાંખી કરાવે છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનાં પ્રતીકો અકલ્પ્ય શાંતિનો અહેસાસ કરાવે છે એવી આ નૈસર્ગિક રચનાને કોટિ કોટિ વંદન.

---

### ડૉ. હેમરાજ શાહપ્રેરિત

## કવિ નર્મદ સાહિત્યપ્રતિભા એવૉર્ડ



ડૉ. ભગવાનદાસ પટેલ

આ ઍવૉર્ડ આદિવાસી સાહિત્યના સંશોધક, સંપાદક અને સર્જક ડૉ. ભગવાનદાસ પટેલને એનાયત કરવામાં આવશે. એમણે આદિવાસી ક્ષેત્રમાં ભ્રમણ કરીને આદિવાસી કંઠ પરંપરાની અત્યંત મૂલ્યવાન સંપદાનું પંદરસો જેટલી કૅસેટ્સમાં ધ્વનિમુદ્રણ કર્યું છે. પચાસ વીડિયો કૅસેટ્સમાં ભીલ સંસ્કૃતિ-સમાજ અંકિત કર્યો છે તેમજ પચાસ જેટલાં પુસ્તકો શાસ્ત્રીય રૂપમાં અભ્યાસ સમેત સંશોધિત કરી સંપાદિત કર્યાં છે. ઉપરાંત આદિવાસી લોકસાહિત્યનાં સ્વરૂપો નિયત કરી સૈદ્ધાંતિક સ્થાપનાઓ કરી છે. પ્રાગ્ઐતિહાસિક કાળની ૧૧૦ આદિ માનવવસાહતોનું સંશોધન કર્યું છે. અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સન્માનો મેળવનાર શ્રી ભગવાનદાસ પટેલે 'રૉમ સીતમા', 'ભીલોનું ભારથ', 'ગુજરાંનો અરેલો' અને 'રાઠોરવારતા' જેવાં વિશિષ્ટ પુસ્તકોનું સર્જન કર્યું છે, જેમાંથી સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા 'ભીલોનું ભારથ'નો ત્રેવીસ ભારતીય ભાષામાં અનુવાદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

એમણે નાટકો દ્વારા આદિવાસીઓમાં દારૂનું વ્યસન, ડાકણ જેવી અંધશ્રદ્ધાઓ અને વેરભાવનાને તિલાંજલિ આપી હોય તેવો લાલ પાઘડીવાળો સુરક્ષિત આદિવાસી વર્ગ તૈયાર કર્યો છે. આઠસો જેટલાં ગામડાંઓમાં સવાસો જેટલા તાલીમી કાર્યકર્તાઓ દ્વારા નવજાગૃતિ માટે એમણે અથાગ પરિશ્રમ કર્યો છે. આ પૂર્વે ૨૦૧૯ની ૧૯ મેએ વિશ્વકોશભવનમાં આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી ચંદ્રક એનાયત થયો હતો. હવે આગામી ૩ સપ્ટેમ્બર, ૨૦૨૫, બુધવારે સાંજે ૫.૩૦ વાગ્યે કવિ નર્મદ સાહિત્યપ્રતિભા ઍવૉર્ડ એનાયત થશે.

# સ્માર્ટગ્લાસનો જમાનો આવી રહ્યો છે !



હર્ષ મેસવાણિયા

દુનિયાની વસ્તી ૮૦૦ કરોડની છે અને અત્યારે ૭૨૧ કરોડ સ્માર્ટફોન વાપરે છે. અમુક લોકો પાસે એક પણ ફોન નહીં હોય, જ્યારે કેટલાક લોકો ત્રણ-ત્રણ સ્માર્ટફોન પણ વાપરે છે. હવે તો ૧૦ વર્ષનાં બાળકો પાસેય પોતાનો અલગ કહેવાય એવો સ્માર્ટફોન આવી ગયો છે. સ્માર્ટફોન વગરની દુનિયાની આજે કલ્પના કરવી શક્ય નથી, પરંતુ મેટાના માલિક માર્ક ઝકરબર્ગનું માનવું છે કે હવે સ્માર્ટફોનનો યુગ પૂરો થઈ જશે ને સ્માર્ટગ્લાસનો સૂર્યોદય થઈ રહ્યો છે. ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વૉટ્સએપ જેવી કંપનીઓનો 'અમ્બ્રેલા' બનાવીને એટલે કે સાથે મળીને કરોડો વપરાશકારો ધરાવતી મેટા કંપની સ્માર્ટગ્લાસ બનાવવા માટે હવે તોતિંગ બજેટ ફાળવી રહી છે. મેટાએ આ ક્ષેત્રમાં ઝંપલાવ્યું તે અગાઉ ઘણી કંપનીઓ સ્માર્ટગ્લાસ વેચી રહી છે. ગૂગલ તો દોઢેક દાયકાથી સ્માર્ટગ્લાસના પ્રયોગો કરે છે અને તેને વધુ ને વધુ સ્માર્ટ બનાવવાની ટૅક્નૉલૉજી વિકસાવે છે. જેમ ૧૦-૧૫ વર્ષ પહેલાં સ્માર્ટફોન બનાવવાની હરીફાઈ ચાલી હતી એમ અત્યારે સસ્તા અને આધુનિક સ્માર્ટગ્લાસ બજારમાં ઉપલબ્ધ બનાવવાની હોડ જામી છે.

સ્માર્ટગ્લાસના પ્રયોગો તો છેક ૧૯૯૦ના દશકાથી થાય છે. ૨૦૦૦ના વર્ષ સુધીમાં સ્માર્ટગ્લાસની ૬૦૦ પેટન્ટ અમેરિકામાં નોંધાઈ ચૂકી હતી. સ્માર્ટગ્લાસનું ખરું કામ ૨૧મી સદીમાં શરૂ થયું. ૨૦૧૩માં ગૂગલગ્લાસ એનું સૌથી જાણીતું ઉદાહરણ બન્યું. 2GBની રેમ સાથે આ સ્માર્ટગ્લાસ (ચશ્માં) બનાવાયા હતા. એમાં બ્લૂ ટૂથથી કૉલ રિસીવ કરવાથી લઈને એવી ઘણી સુવિધા મળતી હતી, જે આજે મળતા સ્માર્ટ ચશ્માંમાં કૉમન છે. એ વખતે એ નવી હતી. જોકે, એના ભાવ ખૂબ ઊંચા હતા એટલે સમય જતાં કંપનીએ જ એ બંધ કરી દીધા અને ગૂગલે સ્માર્ટગ્લાસના અપડેટેડ પ્રોજેક્ટ શરૂ કર્યા.

ગૂગલ સિવાયની ઘણી કંપનીઓ સ્માર્ટગ્લાસ બનાવી રહી હતી. એવા ગ્લાસ વર્ચ્યુઅલ રિયાલિટીને ધ્યાનમાં રાખીનેય બનાવાયા હતા. કૅમેરામેકર કંપની કેનને એમઆર એટલે કે મિક્સ રિઆલિટીના સ્માર્ટગ્લાસ બનાવ્યા હતા. ઈન્ટેલે ૨૦૧૮માં પ્રોજેક્ટની જાહેરાત કરીને એક ડિઝાઈન રજૂ કરી હતી, પણ એ પછી ફંડના અભાવે પ્રોજેક્ટ બંધ થયો હતો. માઈક્રોસૉફ્ટ, એમેઝોન, ફેસબુક-મેટા જેવી ઘણી કંપનીઓ પછી તો આ ક્ષેત્રમાં આવી. સ્માર્ટફોનમેકર કંપનીઓ શિઓમી, સેમસંગ, એપલ વગેરેએ પણ ઝંપલાવ્યું. તેના કારણે હવે સ્માર્ટગ્લાસની બરાબર હરીફાઈ જામી છે.

૨૦૧૨માં જે સ્માર્ટગ્લાસ મળતા હતા, એ આજે સ્માર્ટ ન લાગે એટલાં પરિવર્તનો અત્યારે આવી ચૂક્યાં છે. ૨૦૧૨માં દુનિયામાં માત્ર ૫૦ હજાર યુનિટ બન્યા હતા અને વેચાયા હતા. ૨૦૧૬-૧૭ સુધીમાં આ ક્ષેત્રમાં એટલું પરિવર્તન આવ્યું હતું કે સમગ્ર વિશ્વમાં ૬૫ લાખ સ્માર્ટગ્લાસ વેચાયા હતા. એમાં ગૂગલગ્લાસનું માર્કેટ ખૂબ ઊંચકાયું હતું. ૧૫થી ૩૫ વર્ષના લોકોને ધ્યાનમાં રાખીને થયેલા ગ્લોબલ સર્વેમાં ૪૮



ટકાએ સ્માર્ટગ્લાસની ઇચ્છા વ્યક્ત કરી હતી. એક દશકા પહેલાંય લોકો સ્માર્ટગ્લાસ લેવા તૈયાર હતા.

૨૦૧૮માં બે કરોડ ગૂગલગ્લાસ વેચાયા હોવાના અહેવાલો આવ્યા હતા. સાત-આઠ વર્ષ પહેલાં ગૂગલગ્લાસ કે એવી જ અન્ય કંપનીના સ્માર્ટગ્લાસની કિંમત ૨૦ હજારથી શરૂ થઈને ૫૦ હજાર સુધી હતી. આજની ગણતરી પ્રમાણે એ રકમ સહેજેય ૩૦ હજારથી ૭૦ હજાર સુધી પહોંચે. પરંતુ અન્ય કંપનીઓ બજારમાં આવી છે અને ઉત્પાદન વધ્યું એટલે કિંમત ઘટવા માંડી.

આ બધાના કારણે આજે બે હજારથી શરૂ થઈને ૫૦ હજાર સુધીની મિડલ રેન્જમાં અને લાખ સુધીની હાઈ રેન્જમાં સ્માર્ટગ્લાસ વેચાઈ રહ્યા છે. ભારતમાં વિયરેબલ બનાવટનું બજાર ઝડપભેર વધી રહ્યું હોવાથી હવે સ્માર્ટગ્લાસના વેચાણમાં પણ વધારો થયો છે. દેશમાં અનેક કંપનીઓ સ્માર્ટગ્લાસનું માર્કેટ સર કરવા હરીફાઈમાં ઊતરી છે. મોબાઈલ બનાવતી કંપનીઓ સ્માર્ટગ્લાસ બનાવીને રજૂ કરવા માંડી છે, જે કંપની નથી બનાવતી એ કંપનીઓ પણ ભવિષ્યમાં આવશે.

ગૂગલ-સેમસંગે મળીને એઆઈથી સજ્જ ગ્લાસ બનાવ્યા છે. એન્ડ્રોઇડથી ચાલતા એ ગ્લાસમાં બધી જ વિગતો મળી રહેશે. જે દશ્ય દેખાતું હશે એના વિશેની જાણકારી ઓપન સોર્સમાંથી મેળવીને યૂઝર્સને આપશે. ફોન કૉલ્સ કે મૅસેજ સહિતની મૂળભૂત સુવિધા તો ખરી જ. ગ્લાસમાં કૅમેરા હશે, લેન્સમાં ડિસ્પ્લે હશે. માઇક્રોફોન અને મિની સ્પીકર્સ જેવા ફીચર્સ હવે બધા સ્માર્ટગ્લાસમાં મળે છે. ગૂગલ-સેમસંગના ગ્લાસમાં પણ મળશે. ગૂગલે આ નવા ગ્લાસના લૉન્ચિંગ બાબતે સ્પષ્ટતા કરી નથી. પરંતુ આ વર્ષે ભારત સહિત દુનિયાભરના માર્કેટમાં ઉપલબ્ધ બની જાય એવી અટકળો ચાલી રહી છે.

જેમને બજેટનો પ્રશ્ન બહુ નડતો નથી એ વપરાશકાર મેટા-રેબેન સ્માર્ટગ્લાસને પસંદ કરશે. આ ગ્લાસ બે વર્ષ પહેલાં જ માર્કેટમાં આવી ગયા હતા અને બે વર્ષમાં ૧૦ લાખ યુનિટ વેચાઈ ચૂક્યા છે. તેનો ભારતના બજારમાં પ્રવેશ થઈ રહ્યો છે. ભારતમાં કંપનીને એક વર્ષમાં ૧૦ લાખ ગ્રાહકો મળશે એવો અંદાજ છે. આ

સ્માર્ટગ્લાસ લાઇવ ટ્રાન્સલેશન કરી દેશે. મ્યુઝિક સ્ટ્રીમિંગ, સ્પીકરથી માંડીને મૅસેજિંગ, કૉલિંગની સર્વિસ તો ખરી જ. ૧૨ મેગાપિક્સલનો અલ્ટ્રા-વાઇડ કૅમેરા છે. એમાં એચડી ફોટો ખેંચી શકાશે, વીડિયો ઉતારી શકાશે અને વૉઇસ કમાન્ડ પણ આપી શકાશે.

લેન્સકાર્ટ જેવી ભારતીય કંપનીએ પણ સ્માર્ટગ્લાસ માર્કેટમાં મૂકી દીધા છે. લેન્સકાર્ટ ફોનિક સ્માર્ટગ્લાસીસ નામથી લૉન્ચ થયેલા આ સ્માર્ટગ્લાસ ૪૦૦૦ રૂપિયામાં મળી જતા હોવાથી ભારતના વપરાશકારો પ્રયોગ માટે લઈ રહ્યા છે. ભારતની અન્ય ઘણી કંપનીઓ સ્માર્ટગ્લાસ બનાવવામાં ઝંપલાવી રહી છે એટલે દેશી બ્રાન્ડ પણ વિદેશી કંપનીઓને ટક્કર આપશે.

સ્માર્ટગ્લાસીસનું વૈશ્વિક બજાર અત્યારે ૧૦ અબજ ડૉલર એટલે અંદાજે ૮૬,૦૦૦ કરોડથી વધુ છે. ત્રણ વર્ષમાં એ ૧૫ અબજ ડૉલરને પાર પહોંચી જશે. વાત જો ભારતની હોય તો દેશમાં અત્યારે સ્માર્ટગ્લાસીસ જેમાં ઓગમેન્ટ રિયાલિટી અને વર્ચ્યુઅલ રિયાલિટી એમ બંનેનો સમાવેશ થાય છે – તેનું માર્કેટ ૬૦ કરોડ ડૉલર એટલે અંદાજે ૫૧૦૦ કરોડ રૂપિયા છે. એ વધીને આઠ વર્ષમાં ૧૬૫ કરોડ ડૉલર થાય એવી શક્યતા છે.

આ સેગમેંટમાં સાધારણ સ્માર્ટગ્લાસ જેને કહેવાય છે એનું માર્કેટ ૯ કરોડ ડૉલર એટલે કે સાડા સાત અબજ રૂપિયા છે. ગેમિંગમાં એઆર, વીઆર પ્રકારના ગ્લાસીસ જરૂરી છે એટલે એને બાદ કરીએ તોપણ સામાન્ય યૂઝર્સને જે સ્માર્ટગ્લાસનો ક્રેઝ છે એનું બજાર પણ ૭૦૦ કરોડ રૂપિયાથી વધુ હોય તો એ બહુ મોટો આંકડો છે. આગામી બે જ વર્ષમાં આ આંકડો વધીને ૧૫૦૦ કરોડ રૂપિયા થાય તો નવાઈ નહીં હોય. આ બજાર સર કરવા માટે જ દેશી-વિદેશી કંપનીઓ મેદાને પડી છે. સ્માર્ટફોનના ભાવમાં આ ગ્લાસ મળતા થશે અને સ્માર્ટફોન જેટલી જ સુવિધા મળશે તો ૩૦-૪૦ કે ૫૦ હજાર ખર્ચવામાં વપરાશકારને વાંધો નહીં હોય. આમ થશે પછી તો તેનું બજાર આપણી કલ્પના બહાર ઊંચકાશે એ નક્કી છે.

---

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની યૂટ્યૂબ ચૅનલ પર દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

ઑગસ્ટ મહિનામાં ૩ ઑગસ્ટે 'શિયાળભાઈ ને બગલાભાઈ' અને ૧૭ ઑગસ્ટે 'આ ખિસકોલીનું શું કરવું ?' વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ તથા ૧૦ ઑગસ્ટે 'રક્ષાબંધન', ૨૪ ઑગસ્ટે 'બાળગણેશની લીલા' અને ૩૧ ઑગસ્ટે 'રાણીને ગમે રાજા' વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

# વક્તૃત્વ સજ્જતા અભિયાન



દર્શા કિકાણી

ગુજરાત વિશ્વકોશના શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્રના ઉપક્રમે ૧૨મી જુલાઈ, ૨૦૨૫, શનિવારના દિવસે એક નવી પહેલ કરવામાં આવી - 'આપણા ગુજરાતની ગૌરવગાથા' એ વિષય પર ધોરણ ૮થી ૧૨ના વિદ્યાર્થીઓના વક્તૃત્વ સજ્જતા અભિયાનથી.

આજના જમાનામાં મોબાઇલ, ટીવી. વગેરેને કારણે અભિવ્યક્તિની સમસ્યાથી વિદ્યાર્થીઓ પરેશાન હોય છે. વિશ્વકોશમાં આવતો દરેક વિદ્યાર્થી કંઈક નવું શીખીને જાય અને ખુશ થઈને જાય એવા અભિગમ સાથે 'વક્તૃત્વ સજ્જતા અભિયાન'નો વિચાર આવ્યો. કોઈ પણ જાતના દબાણ વગર, સ્પર્ધાના દબાણ વિના વિદ્યાર્થી પોતાનું સારામાં સારું પર્ફોર્મન્સ આપે તે આશયથી હરીફાઈને બદલે સજ્જતાનો હેતુ રાખવામાં આવ્યો. કાર્યક્રમનો પ્રારંભ અલ્પા શાહના વિશ્વકોશ ગાનથી થયો. ડૉ. પ્રીતિબહેન શાહે વિશ્વકોશ ટ્રસ્ટની વિવિધ કામગીરીની વિગતે માહિતી આપી.

ત્યારબાદ વિદ્યાર્થીઓએ જુદા જુદા વિષય ઉપર પોતાનાં વક્તવ્યો રજૂ કર્યાં. શ્રેયસ ફાઉન્ડેશન, સી. એન. વિદ્યાલય (અંગ્રેજી માધ્યમ), સી. એન. વિદ્યાલય (ગુજરાતી માધ્યમ), ઝેબર સ્કૂલ અને BAPS શાળા, રાંદેસણ એમ પાંચ શાળાના ૩૬ વિદ્યાર્થીઓએ આ વક્તૃત્વ સજ્જતા અભિયાનમાં ભાગ લીધો અને પોતાનાં વક્તવ્યો, વિષય-વૈવિધ્ય સાથે પ્રભાવક રીતે ગુજરાતી અને હિંદી ભાષામાં રજૂ કર્યાં.

ગુજરાતના સાહિત્યસર્જકોમાં અખો, નરસિંહ મહેતા, નર્મદ, મેઘાણી, રાજેન્દ્ર શુક્લ સુધીના સર્જકોને આવરી લીધા. ગુજરાતના કલાકારોની વિગતે વાત થઈ, જેમાં દિવાળીબહેન ભીલનો ખાસ ઉલ્લેખ કર્યો. કોઈ વિદ્યાર્થીએ ગુજરાતની વનસંપદા વિશે વાત કરી, ગીરનાં જંગલો અને ફ્લેમિંગો જેવાં પક્ષીઓની વાત કરી. કેટલાકે ગુજરાતનાં જોવાલાયક સ્થળો, ધાર્મિક અને ઐતિહાસિક સ્થળો તથા પ્રાકૃતિક સ્થળોની રસભેર રજૂઆત કરી. જેમાં સ્ટેચ્યૂ ઑફ યુનિટી, વડનગર અને મીઠાના રણની વિશેષ વાતો થઈ. ગુજરાતની જાણીતી અને નોંધપાત્ર સંસ્થાઓનો વિગતે ઉલ્લેખ થયો, જેમાં 'સેવા' અને 'અમૂલ' જેવી સંસ્થાઓને આવરી લેવામાં આવી. જગપ્રસિદ્ધ ગુજરાતીઓનો પણ ઉલ્લેખ થયો જેમાં શ્રીકૃષ્ણ, સરદાર પટેલ, સાંપ્રત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને વિદ્યાર્થીઓએ ઉત્સાહથી યાદ કર્યા.

દરેક વિદ્યાર્થીએ ચાર મિનિટમાં પોતાનું વક્તવ્ય સુંદર રીતે પ્રસ્તુત કર્યું. ડૉ. શ્રદ્ધાબહેન ત્રિવેદીએ દરેક વિદ્યાર્થીને વક્તવ્ય બાદ 'નાનો જોડણીકોશ' ભેટ આપી પોતાનો આનંદ વ્યક્ત કરી તેનું અભિવાદન કર્યું. આચાર્યો, શિક્ષકો અને વાલીઓના યોગદાનને બિરદાવતાં તેમણે કહ્યું કે સૌની આ સફર વધુ અર્થસભર અને મૂલ્યવાન બની રહે તેવી આશા છે.

શ્રી કુમારપાળ દેસાઈએ બાળકો અને હાજર રહેલ સૌ વિદ્યાર્થીઓને આશીર્વચન આપ્યાં અને વક્તૃત્વ સજ્જતાનું મહત્ત્વ સમજાવ્યું. ત્યારબાદ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓએ આયોજકો સાથે ફોટા પડાવી ખૂબ આનંદ કર્યો. વક્તૃત્વ-સજ્જતા શૃંખલાની આ પહેલી કડી છે. આખા વર્ષ દરમિયાન આ શૃંખલામાં વધુ ત્રણ-ચાર કાર્યક્રમ કરવામાં આવશે અને બીજી ઘણી શાળાઓને આ અભિયાનમાં સામેલ કરવામાં આવશે એવું આયોજન છે.

**- દર્શા કિકાણી**

---

## લેક્સિકનમાં એક વધુ શબ્દકોશ
## ડુંગરી ભીલી - ગુજરાતી

ભાષાપ્રેમી શ્રી રતિલાલ ચંદરયા દ્વારા ગુજરાતી લૅક્સિકનનો આજથી ત્રણ દાયકા અગાઉ પ્રારંભ થયો. એ પછી એમાં અનેક શબ્દકોશોનું ઉમેરણ થયું. પિસ્તાળીસ લાખ શબ્દો ધરાવતા લૅક્સિકનની પ્રતિદિન પાંચ હજારથી વધુ લોકો મુલાકાત લે છે.

ગુજરાતી લૅક્સિકન છેલ્લાં કેટલાંક વર્ષથી વિશ્વકોશ દ્વારા કાર્યરત છે અને એમાં ટૅક્નૉલૉજી પ્રમાણે અદ્યતન ફેરફારો પણ કરવામાં આવે છે. થોડા સમય પૂર્વે મૂળ સંસ્કૃત શબ્દ, એનો અર્થ અને એના વ્યાકરણનો પ્રકાર દર્શાવતો ૩૫,૦૦૦ શબ્દો ધરાવતો સંસ્કૃત-ગુજરાતી શબ્દકોશ ઑનલાઇન મૂકવામાં આવ્યો છે. કચ્છી બોલીનો કોશ ઑનલાઇન મૂકવાનું કામ ચાલે છે અને તેની સાથોસાથ વિશ્વકોશે આદિવાસી સાહિત્યના તજ્જ્ઞ એવા શ્રી ભગવાનદાસ પટેલને ડુંગરી ભીલી બોલીનો શબ્દકોશ તૈયાર કરવાનું કાર્ય સોંપ્યું છે. જે ઑનલાઇન અને પુસ્તક રૂપે પ્રગટ થશે.

ઉત્તર ગુજરાતમાં આવેલા અરવલ્લી પહાડી પ્રદેશમાં ડુંગરી આદિવાસીઓ વસે છે. આ આદિવાસીઓની વૈદિક યુગથી પણ પહેલાંની દીર્ઘ અને સમૃદ્ધ સાંસ્કૃતિક-મૌખિક પરંપરા છે. આથી વર્ષના ઋતુચક્ર પ્રમાણે આવતા તેમના સામાજિક-ધાર્મિક પર્વ-પ્રસંગો પર અરવલ્લી પર્વતીય પ્રદેશનું લોકજીવન ગીત-સંગીત-નૃત્ય-કથા અને નાટ્યમય બની જાય છે. 'કંઠવેદ' જેવી આદિવાસી મૌખિક લોકસંપદાનાં લોકાનુરૂપ વિવિધ અનેક સ્વરૂપો, જેવાં કે ચાર ભીલી લોકમહાકાવ્યો, એકવીસ લોકાખ્યાનો, આઠસો લોકગીતો-કથાગીતો, અનેક ગુપ્ત લોકમંત્રો, પુરાકથાઓ-લોકકથાઓ વગેરેનું સંપાદન ભગવાનદાસ પટેલે કર્યું છે. એના અંગ્રેજી-હિંદી અને રાજસ્થાની, બંગાળી, નેપાળી, પંજાબી, મરાઠી વગરે અનુવાદો થકી આ એક ખૂણામાં રહેલું ડુંગરી ભીલી મૌખિક સાહિત્ય દેશ વળોટી પરદેશનાં વિશ્વવિદ્યાલયોમાં અભ્યાસનો વિષય બન્યું છે.

હવે બદલાઈ રહેલા યુગસંદર્ભમાં ઘણુંબધું બદલાઈ રહ્યું છે એવા સંજોગોમાં સમકાલીન અને અનુગામી અન્ય સમાજની અને અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરેલી આદિવાસી પેઢી આ બહુઆયામી અને સત્ત્વશીલ ડુંગરી ભીલીનાં પુસ્તકો રૂપે પ્રગટ થયેલા પાઠોને મૂળગામી રીતે સમજીને અભ્યાસ કરી શકે તેવો હેતુ આમાં રાખવામાં આવ્યો છે.

## આગામી કાર્યક્રમો

### શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી
### (ઑનલાઇન કાર્યક્રમ)

**◈ ૧૪ ઑગસ્ટ, ૨૦૨૫, ગુરુવાર : સાંજના ૫-૩૦**
વિષય : શ્રી અરવિંદ : માનવથી મહામાનવ સુધી
વક્તા : શ્રી રાજેન્દ્ર પટેલ

**◈ ૧૬ ઑગસ્ટ, ૨૦૨૫, શનિવાર : સાંજના ૫-૩૦**
વિષય : બાળકૃષ્ણની ચતુરંગી લીલા : મથુરા, ગોકુળ, વૃંદાવન, બરસાના
વક્તા : શ્રી સુધા ભટ્ટ

### (ઑફલાઇન કાર્યક્રમો)
### માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

**◈ ૧૪ ઑગસ્ટ, ૨૦૨૫, ગુરુવાર : સાંજના ૫-૦૦**
વિષય : ટૂંકી વાર્તાનો આસ્વાદ. લે. રા. વિ. પાઠક 'દ્વિરેફ'લિખિત 'જક્ષણી'
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

**◈ ૨૮ ઑગસ્ટ, ૨૦૨૫, ગુરુવાર : સાંજના ૫-૦૦**
વિષય : અનુસ્વાર
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

### રસિકલાલ છો. પરીખ વ્યાખ્યાનમાળા

**◈ ૧૧ ઑગસ્ટ, ૨૦૨૫, સોમવાર : સાંજના ૫-૩૦**
વિષય : નાટકમાં જીવન, જીવનમાં નાટક
વક્તા : શ્રી મહેશ ચંપકલાલ

### ગુજરાતના સંસ્કારપુરુષ શ્રી પોપટલાલ હેમચંદ સ્મૃતિ-વ્યાખ્યાન

**◈ ૧૮ ઑગસ્ટ, ૨૦૨૫, સોમવાર : સાંજના ૫-૩૦**
વિષય : વૈદિક જ્ઞાન (Vedic Wisdom) દ્વારા જીવનપ્રકાશ
વક્તા : શ્રી અર્પણ યાજ્ઞિક

### કવિ નર્મદ સાહિત્યપ્રતિભા એવોર્ડ


**◈ ૩ સપ્ટેમ્બર, ૨૦૨૫, બુધવાર : સાંજના ૫-૩૦**
ડૉ. હેમરાજ શાહપ્રેરિત કવિ નર્મદ સાહિત્યપ્રતિભા ઍવૉર્ડ ડૉ. ભગવાનદાસ પટેલને એનાયત થશે.

### આસ્વાદ


**◈ ૩૦ ઑગસ્ટ, ૨૦૨૫, શનિવાર : સવારે ૧૦-૦૦**
વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં 'ગુરુદત્ત : ફિલ્મમાં કવિતા સર્જતા દિગ્દર્શક' (ઑનસ્ક્રીન પ્રેઝન્ટેશન સાથે) વિશે વિખ્યાત કલાસમીક્ષક શ્રી અભિજિત વ્યાસ વક્તવ્ય આપશે.




ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર આયોજિત વક્તૃત્વ સજ્જતા કાર્યક્રમમાં ઉપસ્થિત અમદાવાદની કેટલીક સ્કૂલોના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વિશ્વકોશ પરિવારના ટ્રસ્ટી તથા સભ્યો



‘ગાંધી, બુદ્ધ અને યુદ્ધ’
વિશે પ્રકાશ ન. શાહ



‘પસંદગી વિદ્યાલય અને જેલ વચ્ચે કરવાની છે’ વિશે મનસુખ સલ્લા




‘૨૧મી સદીની પહેલી પચીસીનું ગુજરાતી લેખિકાનું નવલકથાવિશ્વ’
વિશે મીનળ દવે

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/04459. postal Regd. No. GAMC-1375/2024-26 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2026. License to post without Prepayment No. PMG/NG/111/2024-2026. valid upto 31/12/2026. Posted at Ahd PSO On 5th every month.



# વિશ્વકોશની સામયિક-સૃષ્ટિ




છેલ્લાં ૨૫ વર્ષથી સાહિત્ય, સંગીત, સ્થાપત્ય, પ્રવાસ, હાસ્ય, વિજ્ઞાન, ટેક્નોલૉજી, કલા, પ્રતિભા, સાંપ્રત પ્રવાહો તેમજ વર્તમાન સમયના પ્રચલિત વિષયોને તજ્જ્ઞો દ્વારા પ્રસ્તુત કરતું વિશ્વકોશનું સામયિક.

**વિશ્વવિહાર**


**વાર્ષિક લવાજમ : રૂ. ૧૫૦/-,**
**ત્રણ વર્ષ : રૂ. ૪૦૦/-**




છેલ્લાં ૩૩ વર્ષથી દેશ અને વિદેશના સર્જકોની સાહિત્યકૃતિ પ્રગટ કરનારું અને ગુજરાતીભાષી પ્રજાની વૈશ્વિક ચાહના મેળવનારું શિષ્ટ અને સંસ્કારી સાહિત્યનું ત્રૈમાસિક.

**ગુર્જરી ડાયજેસ્ટ**

**ત્રણ વર્ષનું લવાજમ :**
**રૂ. ૫૦૦/-**




પ્રસિદ્ધ લેખિકા ધીરુબહેન પટેલની ભાવનાને અનુલક્ષીને પ્રગટ થતું, નારી સર્જકતાને સંકોરતું સાહિત્ય, જ્ઞાન અને કળાનું વિશિષ્ટ ત્રૈમાસિક.

**વિશ્વા**

**વાર્ષિક લવાજમ : રૂ. ૨૦૦/-**


ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪